॥ ૐ શ્રી ॥

અત્યુત્તમ લોકપ્રિય

રસિક ગાયન સંગ્રહ.



પ્રગટ કર્તા.

ત્રવાડી દિનમણિશંકર લાલશંકર

કીંમત ૦-૪-૦ આના

॥ ૐ શ્રી ॥

અત્યુત્તમ લોકપ્રિય.

રસિક ગાયન સંગ્રહ.

છપાવી પ્રસિદ્ધ કરનાર

ત્રવાડી દિનમણિશંકર લાલશંકર

ઠે. નારણ ટેકરીની ખડકી, સુરત.

પ્રત ૧૦૦૦. આવૃત્તિ પહેલી.

સંવત ૧૯૭૧. સન ૧૯૧૫.

સુરત, ભાગાતળાવ રોડપર આવેલા શ્રી "રાંદેર" પ્રિન્ટીંગ પ્રેસમાં રતિલાલ દુર્લભદાસે છાપી.

મુલ્ય ૪ આના.

પ્રસ્તાવના.

નાટક કંપનીના માલીકોને નમ્ર વિનંતિ.

આપના અત્યુત્તમ લોકપ્રિય નાટકના ગાયનો વાંચતા મને ઘણોજ આનંદ લાગ્યો છે અને એવા રસિલા ગાયનો પરથી શ્રીકૃષ્ણના ભજન રચવાને માટે મને ઘણા દિવસથી ઉત્સાહ થતો હતો પરંતુ ગાયનો રચવાનો મને બીલકુલ અભ્યાશ નહતો ને હજુએ પણ નથી કારણકે હું કાંઈ કવિ નથી તેમજ લેખક પણ નથી ને મારો એ વિષેનો ધંધો પણ નથી ઈશ્વિર કૃપાથી એજસેજ ભજન રચવાનો મને શોખ લાગ્યો. જેમતેમ ખોટા ખરા ભજન બનાવી નાટકના રાગો જોડે મેળાવતા મને કાંઈ ઠીક લાગવા માડયાં જેમજેમ વખત લાગતો ગયો તેમ મને એજ સુધારો થતો માલમ પડયો. કેટલાક મારા મિત્રને મેં ભજન ગાઈ સંભળાવતાં તેવોએ મને ભજન છપાવવા વિષે ભલામણ કરી તેથી મેં સારાસારા નાટકોની ચોપડી મંગાવી તેમાંથી સારા ગાયનો ખોળી કાઢીને તેજ મુજબ ભજન રચવાના શરૂ કર્યા ને લગભગ ૧૫૫ ભજન તૈયાર થવા આવ્યા છે તેમાંનો એક ભાગ ફક્ત ૨૫ ભજનો હાલમાં છપાવી બહાર પાડયા છે બાકીના ઈશ્વિર કૃપાથી આવતા નૂતન વર્ષમાં સુધારો વધારો કરી પહેલા ભાગ સાથે ૧૫૫ ભજન છપાઈ બહાર પડશે એવી આસા છે તેમાં આપને ઘણીજ ભૂલો જોવામા આવે તેને માટે ક્ષમા કરશો એવી આશા રાખું. છું વિશેષ જે ભજનો રચેલા છે તેને મથાળે આપની કંપનીના નાટકના ગાયનનો રાગ ભજન સમજવાને માટે મૂકેલો છે અને જેટલા ગાયનોપરથી ભજનો બનેલા છે તેટલાંજ ગાયનની રસિક ગાયન સંગ્રહ નામની ચોપડી છપાવી બહાર પાડી છે તેને માટે આપનો પ્રેમ પૂર્વક ઉપકાર માનું છું.

નારણ ટેકરીની ખડકી } લી० શુભેચ્છક,
સુરત તા. ૧૦-૮-૧૫ } ત્રવાડી દિનમણિશંકર લાલશંકર

અનુક્રમણિકા.

વાંચો ! જાહેર ખબર. વંચાવો !

પ્રિય બંધુઓ તથા બેનોને ખાસ ભલામણ કરવામાં આવે છે કે તમોને પ્રિય લાગે અને અંતે મોક્ષ પ્રાપ્ત થાય એવી જો તમારે ચોપડી વાંચવી હોય તો આવતા નૂતન વર્ષમાં **કૃષ્ણ ભજન માળા** નામની ચોપડી બહાર પડનાર છે તેમાંથી તમો જે ભજન ગાશો તો દરેક લીટીએ **શ્રીકૃષ્ણ ભગવાનનું** નામ મુખેથી ઉચરાશે; એવી રીતથી રચવામાં આવેલા છે. **અજામેલ મહા પાતકી** હતો પરંતુ અંત વખતે એકવાર મુખેથી **નારાયણ** ઉચરેથી **મોક્ષપદને** પામ્યો હતો. તો તમે જો એક ભજન ગાશો તો ઘણીજ વંર પ્રભુનું નામ દેવાશે અને અંતે મોક્ષ મળશે ભજન પણ ઘણીજ સેહેલી ભાષાથી રચવામાં આવેલા છે તેથી તમોને સમજણ પડશે કદાપિ ભજનનો રાગ નહીં બેસે ને ફક્ત સાદું ભજન વાંચી જશો તો પણ તમારૂં કલ્યાણ જરૂર થશે હાલમાં મારા બંધુઓ તેમજ બહેનોને નાટક જોવાનો ઘણોજ શોખ લાગ્યો છે એ ઘણીજ સારી વાત છે કારણ હાલની નાટક કંપનીઓ આપના **ધર્મશાસ્ત્ર** પ્રમાણે ખેલો ભજવે છે ને તેમાં સમજે તેને તો ઘણુંજ જ્ઞાન પ્રાપ્ત થાય છે તેને માટે આપને નાટક કંપનીના માલીકોને ધન્યવાદ આપવો ઘટે છે વિષેશ હાલનાં જમાનાને અનુસરીને **કૃષ્ણ ભજન માળા** રચવામાં આવી છે ને ભજનના રાગો પણ નાટકના રાખવામાં આવ્યા છે ભજનને મથાળે જે રાગ લખેલો છે તેજ મુજબ ગાશો તો સેલથી ભજન ગાઈ શકશો જે નાટકના રાગ ભજનમાં લીધેલા છે તે નાટકના નામો નીચે મુજબ છે:—

ત્રિયારાજ, વિબુધવિજય, સૂરદાસ, ઉદયભાણુ, બોલતો કાગળ, વિણાવેલી, સૌભાગ્ય સુંદરી, નીલમ માણેક, મહાશ્વેતા, કાદમ્બરી, ચંદ્રહાસ, દેવયાની, વિજયાવિજય, જગદેવ, અભયસિંહ, કેશરીસિંહ, ચાંપરાજ, કૃષ્ણચરિત્ર, ભિષ્મપિ-

મ૭૫૮

તામહ, હરિશ્ચંદ્ર, અસિરેહિર્સ, રજનીચંદ્ર, ભર્તૃહરી, મનોહરીરંભા, લીલાવતી, દિલફરોસ, નરસિંહમેહેતો, કુસુમાવતી. માધવવિલાસ, સતી તોરલ, સરસ્વતિચંદ્ર, રમા, સતી દ્રોપદી, સુકન્યા સાવિત્રી, પવિત્ર લક્ષ્મિ, હારજીત, શાહીદેનાજ, હામાન, દાવપેચ, ખુબસૂરત બલા, અનસૂયા, રાખેંગાર, ત્રિવિક્રમ, કનક તારા, કંદબાલા, વિક્રમચરિત્ર, રાજબીજ, કુલીનકાંન્તા, અશ્રુમતી, સરદારબા, માલતી માધવ, મદનચંદ્રિકા, કરણઘેલો, મોહિનીચંદ્ર, જગતસિંહ, મીરાંબાઈ, માલિની છંદ, લલિત છંદ, ભુજંગી છંદ, તોટક છંદ, શિખરિણિવૃત, ગિતિ, દીંડી, ઠુમરી, પ્રભાતીયું, વીગેરે વીગેરે રાગોના ભજન રચવામાં આવેલા છે.

તા. કઃ—કૃષ્ણ ભજન માળાની ચોપડી જે પહેલા ભાગ સાથે ૧૫૫ ભજનની બહાર પડનાર છે તેનાં જે અગાઉથી ગ્રાહક થશે તેને રસિક ગાયન સંગ્રની ચોપડી ભેટ તરીકે આપવામાં આવશે જેની અંદર ૧૫૫ નાટકના ગાયનો છે અને એજ ગાયનોપરથી **કૃષ્ણ ભજન માળા** રચવામાં આવેલી છે. વિષેશ તેઓના મુબારક નામ ચોપડીમાં છાપવામાં આવશે **કૃષ્ણ ભજન માળા**ની ચોપડી બહાર પડયા પછી રસિક ગાયન સંગ્રહની ચોપડી ભેટ તરીકે આપવામાં નહીં આવશે **કૃષ્ણ ભજન માળા**ની ચોપડીના જેઓ ગ્રાહક થશે ને તેઓ અગાઉથી રસિક ગાયન સંગ્રહની ચોપડી માંગશે તો તેને આપવામાં નહીં આવશે **કૃષ્ણ ભજન માળા**ની ચોપડીની સાથેજ મળશે.

કૃષ્ણ ભજન માળા ભાગ ૨ જાની કીંમત ફક્ત આઠ આના રાખવામાં આવી છે. પહેલો ભાગ તૈયાર છે જેની કીંમત ફકત ૧ આનો રાખી છે.

રચનાર **ત્રવાડી દિનમણિશંકર લાલશંકર.**

નારણ ટેકરીની ખડકી–સુરત.

અત્યુત્તમ લોકપ્રિય

રસિક ગાયન સંગ્રહ.

મંગળાચરણ.

(૧)

પ્યારા પ્રભુ વિનવું, કરતા ધરતા જગ સરવેના, પ્યારા.
થાકે ગિરા પ્રભુ તુજ ગુણ ગણતાં, નિરબલ કવિતા સવિતા; પ્યારા.
સફલ કરો પ્રભુ નવીન, કૃતિ આ, રસભરી મતિ દો ગતિ દો, પ્યારા.
ત્રિયારાજની સુંદરી મહિલા, વરણન અબળા પ્રબળા. પ્યારા.

[ત્રિયારાજ]

(૨)

પંડિતાઈ પળમાં ચાલી જાય છે,
પ્રગટે કામ પંડિતાઈ પળમાં ચાલી જાય છે.
મહાનપણું ગંભિર ગુણ બુદ્ધિ,
વિદ્વતા વેગે વિનાશ થાય છે. પંડિ૦
લાખ ટકાનો તે કોડી કિંમતનો,
બોલ સુણતાં કિંમત તેની થાય છે. પંડિ૦

(વિબુધ વિજય)

[૩]

હું ભજન કરીશ હરિનું, સદા સુખે. ભજન૦
આ સંસાર આગ સમ લાગે;
મિથ્યા ફાંફાં મારી હારી— ભજન૦
નહીં કોઇને કેવા તમારી વાત આ બંધાઉં છું,
રાખો ભરોસો હૃદયમાં, હું દેવના સમ ખાઉં છું.

છોડો ક્ષમા લાવી મને, ઝટ અહિંથી જાવા દિઓ,
સંતો તણા સહવાસમાં, ગુણ કૃષ્ણના ગાવા દિઓ.

[સુરદાસ]

[૪]

બોલો મારા પ્રેમી પોપટજી બોલ બોલો,
બોલો બોલો મેના મેના બોલાવે;
ડોલો રંગ રસિયાજી ડોલો જરી ડોલો ડોલો ડોલો પ્યારી ડોલાવે.
મેના તારા વચનની વેણુ વાગી,
લાગી લાગી લલિત લ્હે લાગી;
મેના વહાલી મેના કે ના કહે પણ, જાગી.
જાગી જાગી અજબ જ્યોત જાગી.
પ્હેલાં પોપટજી પ્યારા રામજી સભારો,
વ્હા વ્હા મેના શું સતી સીતા વિસારો;
ચતુર સુજાણ સીતારામ ઉચરાવે—
પોપટજી પાંજરૂં સોનાનું સજાવુ,
લાડલી હું લાલચુ નથી કે લલચાવું;
સોને રૂપે શું ભીડ ભીતરની ભાગી—લાગી૦
રૂડા સુડાને રંગે રંગે રમાડું પાંખે ઘાલીને પૂળ મીઠાં ખવાડું,
ભાવના ભુખ્યા શું ભાવી ભાવના ભુલાવે—બોલો૦

(ઉદય ભાનુ)

[૫]

હું તો ઇચ્છુ છું પતિ તમ્હારી સેવા;
મને અન્ય વિષયથી નહીં કંઇ લેવા દેવા.
મળ્યે છાશ બાકળા ખાઇને પેટ ભરીશું,
મળશે તે પર સંતોષે ગુજર કરીશુ;
પતિના એઠા ટુકડા તે મીઠા મેવા—
કંચન નહિ પણ સૌભાગ્ય કાષ્ટની ચુડી,

(૩)

મંગળ દોરો તે સતી નારની મુડી;
કાચા સુતરને તારે બંધાયા એવા—
જાડે કપડે પણ અંગ સહુ ઢંકાશે,
પતિ સંગે પર્ણકુટી મહાલય સમ થાશે;
પતિ સ્નેહ દ્રષ્ટિએ અમે વેચાયા જેવાં—

[બાલનો કાગલ]

(૬)

કાયા કાચો કુંભ છે જીવ મુસાફર પાસ,
તારો ત્યાં લગી જાણજે, જ્યાં લગી શ્વાસોશ્વાસ.
સદા સંસારમાં સુખ દુઃખ સરખા માની લઇએ;
રાખે જેવી રીતે રામ, રંગે તેવી રીતે રહીએ—સદા૦
પીપળ પાન ખરંત, હસતી કુંપળીઆં,
મુજ વિતી તુજ વીતશે ધીરી બાપડીઆં.
નહીં જેવીને તેવી નિત્ય કોઇની નભતી જોઇએ;
દશાના ઢંગ રૂતુના રંગ જેવા દેખી લઇએ—સદા૦
કદી મોહલા તો માળીઆં, કોમળ છપ્પર ખાટ;
કોઈ દિન એવો આવશે ભુખ્યાં ન મળે ભાત—સદા૦

(વીણાવેલી)

[૭]

ચાલો સાહેલી (૨) ભુવનેશ્વરીનાં સૌ મળીને દરશન કરીએ.
દુઃખ હરનારી, સુખ કરનારી મૂર્તી માની અતંર ધરીએ,
ભાવ ધરી જો પૂજન કરીએ તો ભવ સિંધુથી તરીએ.
ચુવા ચંદન કુમકુમ કેસર અરચન કરીને મન ઠરીએ,
અબીલગુલાલને પુષ્પમાળથી માને વધાવી મંદીર ભરીએ ચાલો.

[સૌભાગ્ય સુંદરી.]

[૮]

ઉપકાર અનુપમ થયો સુંદરી, દે બદલો કીરતાર,
સત્કાર વિસરીયે કેમ અતિથીનો. જે છે અધિકાર.

(૪)

વસ્તુ કરતાં વ્હાલ કિંમતી છે,
કાંડી તે કિંમતી શું રતી છે;
કાંડીના બળપર સૃષ્ટિનો છે સઘળો આધાર,
કાડી શું દીવા દાંડી છે,
અહ જીવનની સૂખ હાંડી છે,
" થેંક્યુ વેરીમચ "
" ગુડબાય " ઉપકાર૦

(નીલમ માણેક)

(૯)

મંજરીએ મનડું મોહયુંરે
મનગમતા મહારાજ મારા મનગમતા મહારાજ.
એ શું દીલડું અમ પ્રેર્યુંરે........મનગમતા—
શું આ પુષ્પ તમને બહુ ગમે છે ? "
મનને તો ગમતું ઘણું મુખથી કેમ મગાય,
વીણ પ્રીછયે વીણ પારખ્યે ઘટે માન મુનિરાય.
માગ્યે માન ઘટે નહીં જેવું જ્યાં દાતાર,
સુખે સ્વીકારો પુષ્પ આ ધરો કર્ણ મોઝાર.
અતિ ઉદાર દીલ તમ જોયુંરે........મનગમતા૦

[મહાશ્વેતા કાદમ્બરી]

(૧૦)

તાતનો ભરૂંસો નથીરે, મુનેરે, મારા તાતનો ભરૂંસો નથીરે;
પ્રીતમ થાળજ, કારણ તમને, એકલા મુકે એ રીતી કોણે કહીરે-મુ.
જલદી હુકમ થયોરે જવાને પ્રિયા, જલદી હુકમ થયોરે,
હુકમ ધારણ કરૂં હું મુજ શિર, જાવું નકી રોકવા હઠ ન લ્યોરે,
હુકમ થયો હું નવ રહું, વડીલ એ કેહેવાય,
પ્રિયા આમન્યા એમની નવ હુંથી લોપાય—જવાને.
પ્રીતમ ઉષાને નડ્યો તેનો તાત અસુર,
આ પણ સ્વામી જાણજો બીજો બાણાસુર—તાત.

અનીરૂધ્ધને નાંખીયો, કારાગૃહની માંય,
દાદાએ છોડાવીયો, આવી ત્યાં યદુરાય–તાત.
જે કૃષ્ણે છોડાવીઓ, તેની મુજને સહાય,
ફિકર કરોમાં પ્રેમદા, પ્યારી મુજ વિષયાય–જવાને.
જેને સહાયક શ્રીહરી, શ્યામા કહું છું સાચ,
વાળ ન વાંકો તેહનો, નાવે ઉની આંચ–જવાને.

(ચંદ્રહાસ)

[૧૧]

દયાના નિધિને તનુજા પ્રતિ આ કોપ નાં ઘટે;
કદી છોરૂ કછોરૂ થાય તોય પિતાની પ્રીતિ ના ઘટે,
પિતાની, પિતાની, પિતાની, પ્રિતિ ના ઘટે–કદી.
ગુરૂ, હું સુતા છું તમારી; મતિ શી છે માહરી;
હજી મારૂં કેવુ જ્ઞાન મોટું વિચારો આમ ના ઘટે;
વિચારો. [૪] આમ ના ઘટે–કદી.

(દેવયાની)

(૧૨)

પ્રિતમની પાછળ હું જોગણુ હું બની
વ્હાલાની વાંસે વિજોગણુ બનીરે–પ્રિતમ.
લજ્જા ડુબી–પ્રીતિ ડુબી–ડુબ્યું આશા કુલ–
સ્વાર્થ સાધન જોગ સાધે વિષ્ણુ ધારી ત્રિશૂળ–
જોગન બની–પ્રિતમ.
મમત બાંધી મસ્ત બની છું–લાગતાં કલંક ડંખ
સીતાએ પેઠાં બળતી ચિતામાં–કાઢવા કાળુ કલંક–
જોગન બની–પ્રિતમ.

(વિજયાવિજય.)

(૧૩)

સુંદર શામળીઆ, નામ જપીશ નિત્ય તારૂં,
મનહર ના મળીઆ કાશી કરવત ધારૂં.

શામળા શણુગાર હમારા, કાળજું હર્યું કામણુગારા,
વિનવે કરગરી દીન દારા, દર્શદ્યો દિલદાર તમારા.
ક્યાં હું કહું દુઃખ મારૂં—સુંદર શામ૦
આસપાસ નહિ વાસ નિહાળું અહહ ત્રિભુવન ભાસતું કાળું,
નિરખુ નહી કદી મુખડું રસાળુ જઈ હિમાલય ગાત્ર હું ગાળુ.
સાક્ષી દેવ દયાળું—સુંદર શામ૦

[વીભુાંવસી]

(૧૪)

અટક રહી આ મૃગનયનીને, ચીજું કુવરને જે અરપી.
અલગ થવા માગે છે મુજથી, કરવું શું ગુમ થઈજ મતિ.
અધરામૃત એનું પીવામાં, આડો કર ધરશે રમણી
આલિંગનમાં થાશે અળગી, ચુંબન નવ દેશે નમણી.
સદા સુભાષિત હાસ્ય વિનોદે, રીઝાવતી મુજને રંગથી.
જીવીત વ્યર્થ હવે મુજ થાશે, જો નહીં સમજાવું અંગથી
રોષ ક્રોધ મૂકી દે પ્યારી, અવર ચીજ એવી અરપું.
નવી મંગાવી તારા કુંવરને, જેવી પ્રિયા કેહેતી હોય તું.

(જગદેવ)

[૧૫]

આંખલડી અણીઆળીરે જરા નચાવ નખરાંવાલી,
જે નખરેરે તારા વાલમજીને વશ કીધા,
ભમર કમાન જરા ખેંચી ખુણેથી ક્રોધ કટાક્ષ કરઆલી,
જરા નચાવ નખરાવાલી.
ચટક મટક અને ચટકતી ચાલ આમ, ઝાંઝરથી ઝમકાળિરે,
જરા નચાવ નખરાવાલી.
જે નખરેરે તારા વાલમજીને વશ કીધા.
લ્યો લટકો મટકો ચટકો આ આલી સતાવો શું ઠાલીરે,
જુઓ નાચે આ નખરાવાલી.
જે નખરેરે તારા વાલમજીને વશ કીધા.

(કરણઘેલો.)

(૧૬)

જળ ભરવા હું ગઈતીરે સખી સંગે મારી,
આડા આવી કુંવરજીરે રોકી સઉ પનીયારી,
સાહેલી સંગે મળી ચ્યાંતાં ભરવા નીર,
પનઘટ પર પાણી ભરી લીધા ઘડુલા શીર,
પાછા વળતાં મારગમાંરે કુંવરજી ઉભા રહીને,
રોકી રાખ્યાં હમોનેરે એ દરવાજા દઈને.......જળ.
મશ્કરી મારી કરી પૂછયું મારૂંજ નામ,
શરમાણી સઉ તે ઘડી સાહેલી તમામ, વીનવણી હમારીરે
સૂણી ન જરા જેણે, નામ કહ્યું સખીયેરે, મારગ મુકયો
તેણે.......જળ.

(અભયસિંહ કેસરીસિંહ)

[૧૭]

માન માયાના કરનારારે જરી જોને તપાસી તારી કાયા
પુછી જોને તું પંડિત પુરાણુરે કોઇના અમર છે લેખ લખાણા
કાચી છે કાયા આ માટીની માયા છે માટીના ખેલ બનાયા
શાણાતો સમજી અલગ થયા, પણ બાળક બિચારા લપટાયા--
લાખોની પાંખો ગઈ છે પીંખાઇ, જેણે મૂછપર લીંબુ ઠરાયા
કાળના કોવાડેથી કોણ બચ્યું ભલે રાંક ભલે હોય મહારાજા--
સંધ્યાના જેવા રંગ સોનેરી વંધ્યાને લાડ લડાયા
જોબનને તનધન તેવાં સમજવાં, પાણીમાંના પડછાયા -

[ઉદયભાણ]

(૧૮)

સખી જઇ સંદેશો કહેજે
મમ સખીને ધીરજ દેજેરે સખી.
અસ્ત થતાં દિનકરનો નલિની ઉદાસ મનમાં થાય
અલ્પ પરિચયે ચક્રવાકી પણ પતિ સુખને નવ ચ્હાય

(૮)

તજ્યું સખીએ દર્શણ પરનરનું
હું કયમ નામ લઉં નરવરનું--જઈ.
સમજ્યા વિણુ સુખની આશામાં પામર જીવ તણાય
વિષય ભોગ આ લોક તણા સૌ અંતે નિરસ જણાય
હસી પ્રથમ પરીણામે રોવું
એ વિષયે કયમ ચિત્ત પરોવું--જઈ.

(મહાશ્વેતા કાદમ્બરી)

(૧૯)

ઉગ્યો સખી ? સૃષ્ટિનો શ્રૃંગાર હાર
ચાલ્ય ચાલ્ય જોવાને ચંદ્રમાં
જોને પ્રેમઘેલી ભૂમિનાર દેદાર
જોને ડોલે સૃષ્ટિ આનંદમાં--ઓહો--
ધન્ય! ધરાસુંદરી! તને ચતુર ચંદ્ર તુંજ કાન્ત,
શાન્તિપાઠ પઢાવતો સાધીને એકાન્ત.
ધરણી પડી પતિને પાય, શિક્ષા શિરે ધરેરે;
ગુણીયલ ગોરી પતિ ગુણ ગાય શાન્તિ ચિતે સ્મરેરે,
ધરોને બ્હેન! ધરતી માતાનું કહ્યું કાન,
પ્રીતેથી કરો સંસાર સુધારસ પાન--
ચંદ્ર સુખે ચીડાઈને, તારાના મુખ શ્યામ,
સદગુણીનું સુખ ભાળીને, રમે દુષ્ટના રામ.
સખી! જેને પતિનું માન--તેનાં ગાંધર્વ ગાયે ગાન,
પામે દેવી સમાન સન્માન--રમે રામા રસિક લઈ તાન.
ધરણી નાર સમ ગ્રહણીઓ, સેવે સ્વામી પાય;
ચતુર ચંદ્ર સમ ધણી મળે, જય! જય! ત્યાં ઉચરાય.

[વીજુાવેલી.]

(૨૦)

મુજ ઉપર ગુજરી પીતા પાદશાહ જાણી,
હું હવે ગુણિકા નથી હાડાની રાણી.

એણે નથી દીઠું મુજ મુખ, વાત છે સીધી;
હઠ ખરી આટલી વાર, વાતમાં લીધી. મુજ.
આવ્યા છે જ્યારથી, હાડો આપની પાસ;
હું જપ તપ કરતી નાર, રહી ઉદાસ. મુજ.
હું હતી મહેલમાં, પતિ ધ્યાનમાં નારી;
એકદમ રાજાજી, આવી ઉઘાડી બારી. મુજ.
મુને કહ્યુ તાહરે માટ, મુજ શીર જાએ;
ધિક ધિક અબળાની જાત, પણ્જ ખોવાએ. મુજ.
મે પગ નથી દીધો, બહાર બુંદી કોટાથી;
હું થઈ નાયકાનાર, આરોપ ખોટાથી. મુજ.
કરી કસોટી મુજ ભગવાન, તમારી દ્રષ્ટે;
મુજ લજ્જા રાખી નાથ, પહોંચાડી કષ્ટે. મુજ.
જો રાખી શરમ હું નાવત, આપ ભુવનમાં,
મુજ પતિ તણી રહી જાત, મનની મનમાં. મુજ.

(ચાપરાજ)

[૨૧]

વેશ્યા કુછંદે લાગ્યોરે સ્વામિ, પરણી એને સુખ નવ પામી. વે.
એકે દિવસ આનંદે ન કાઢયો, હોળી હૈયામાં નિશદિન જામી. વે.
માતપિતાએ કાંઈ નવ કીધું, પુત્ર બગાડયો ખાળી ન ખામી. વે.

[જગદેવ]

[૨૨]

દાણ માગેરે દાણ માગે,
કાનો કાંકરી મારે તો મને વાગેરે—દાણ૦
કાનો કીયા મલકનો દાણી,
મારી નવરંગ ચુંદડી તાણીરે—દાણ૦
કાનો કીયા મલકનો સુબો,
મારી વાટડી રોકીને કાન ઉભોરે—દાણ૦

(કૃષ્ણ ચરિત્ર.)

[૨૩]

આવો કોઈ વૈદરાજ ઓસડ અજમાવો આ લાગી લગન વિસરાવો
પ્યાલો જે પ્રીતીનો ઝેરી પીવાણો તે,
પાછો કઢાવો યા પચાવો.
કહે છે કોઈ કંઈ કાન કંઈ સાંભળે છે.
કંઈ કહેવા જતાં આ જીભથી કંઈ નીકળે છે.
જવાનું કયાંય ને આ પાય કયાં આડા વળે છે.
થતું નથી કંઈ બીજું પણ ચિતડું ભડભડ બળે છે.
એ છોડાવો લગન આ મિટાવો અગન, શાંતિ લાવો,

[બોલતો કાગલ]

[૨૪]

જખમનાં દરદો જખમી જાણેરે, વિણ જખમી શું જાણે;
મરદના ઘા તો મરદ વખાણેરે: કાયર શું જાણે.
આમ્ર સ્વાદમાં કોકીલ માણે, મૈના દાડમ દાણે;
હરખી હરખી હંસ કમળના, કોમળ તંતુ તાણેરે;
બગલા શું જાણે—જખમનાં•
પતિ પત્નિ માણે રતિ રસમાં, કામદેવને બાણે;
શું સમજે તે જોગી જન્મના, જે જગ મિથ્યા જાણેરે;
જાણે તે જાણે—જખણનાં•

[ભિષ્મપિતામાહ]

[૨૫]

હુવે બાયકાટ, મીલા ટીનપાટ ગઈ જોરૂજી
તેરી મેરી જોરૂજી
કયસી ડાલીથી લુટ
માગે ડાસનકા બુટ
તો મડમ જાએ રૂઠ
અયસી બનીથી ફેશનપે લોટ

મુજે તો મેરી જોરૂને સમજાયા ભોટ
ગઈ ઘરસે બલા
પાપ સરસે ટલા
અબતો વોહ ટોપી અમ્મામા પુરાના વોહ જામા
સજાકે કરે ઠાઠ બાટ,

[ખુબસૂરત બલા.]

[૨૬]

સત્ય સદન, ચરન જગત નાથ; પાપ હરન—સત્ય.
રંક, રાય, કાલ ખાય, પુત્ર, નાર, ધન અપાર,
જાય નહીં સાથ, આય નહીં હાથ—સત્ય.

[હરિશ્ચંદ્ર]

(૨૭)

અહો દિલદાર જરી દેદાર દિવાનીને દેખાડોને,
અરે લટકી અધર લટકી મરૂં પટકી જીગર પટકી—
અરે આધાર સુધારસ સાર ચતુરાને ચખાડોને,
મુખે અટકીં મધુર મટકી અરે છટકી અધર છટકી,
દિલની થાપણ ઓળવી, ઘટે ન કરવી વાત
પ્રાણ કહો તો પાઠવું વાલમ કરવા વાત

[હૃદય બાણ]

[૨૮]

સુમર સુમર તું આજ હરકું, કલતો જાયકા;
ભજન ભજન ભજન વિનારે, કોન બચાયગા,
ચેત ચેત ચેત કાલ, અબહીં આયગા;
તેરી ચલતી હે તૈયારી, વહ ઉઠાયગા,
કોઇ ચલેગા ન ભેલી, નહીં અવર હે તેરા બેલી;
પ્રાન નીકલ ગયે પીછે, ખેદ પાયગા—સુમર૦
ચલ ગયે કોટાન કોટી, પકડી હે તેરી ચોટી,

ખોટી બાજી ખેલતા, સોચમ હુરાયગા; સુમર.
અચલ ઠાઠ ક્યા બોલ, સમજ સમજજી બોલ,
કર સકેગા ક્યા તું તેરી, શુદ્ધ ભૂલાયકા. સુમર.

[ત્રિયારાજ]

[૨૯]

ક્યાંઈ સ્વાર્થ વિના નવ પ્રીતિ દીઠી આ જગમા
ધુતારા જગમાં ઠગારા જગમા
લાગે સ્વાર્થ સુધી પ્રીતિ મીઠી મીઠી આ જગમાં
દીઠું સહુ નીજ સ્વાર્થને રોતું
રોતાના આંસુડાં કોઇ ન લ્હોતું--સ્વાર્થ વિના.
કહેણી મીસરી ખાંડ છે કહેણી તાતા લોક
કહેણી તેવી રહેણી છે એવા વિરલા કોક
ઔષધ માટે ફરે શેરી શેરી
દર્દ મટ્યું કે લાગે વૈદ્ય વેરી--સ્વાર્થ વિના.

[મહાશ્વેતા કાદમ્બરી]

(૩૦)

અરે શું માનવનો અભિમાન પલકમાં ટળી જશેરે,
ખરે જેમ પીંપળ ઉપર પાન—પલકમાં ખરી જશેરે;
પલકમાં ખરી જશેરે--માટીમાં મળી જશેરે—અરે.
ઘડી જીવતરમાં ઘડીએક સુખની નાર........રે નથી,
મૂઢ મમતમાં તોયે મરતા આ આ........રે નથી.
પામર નર નાદાન—અરે શું.
કાયા કલેવર કારમું છે ગંદકીનો ગાડવો,
સમજુ જને સમજી જઇ અભિમાનને વણુસાડવો;
અભિમાન ફણીધરને નહિ દુધ પાઇને પોષાડવો,
રાવણ સરીખે માનથી લીધો નથી કંઇ લાડવો—અરે.

(વીણાવેલી.)

(૩૧)

આ કલંક હરિ ઉતારો, મુજ પ્રાણનાથ ઉગારો;
તમે રચી છે રચના જગની, મેં રાખી છે તમથી લગની;
મને સત્ય ઠરાવી હરી મારો, મુજ પ્રાણનાથ ઉગારો. આ૦
હું ક્ષત્રીની પુત્રી કહાવું, આમ બને તો કુળ લજાવું;
મુજ પતિવૃત આપ વિચારો, મુજ પ્રાણનાથ ઉગારો. આ૦
તમે નરનારી નીપજાવ્યાં, મન મળ્યાથી જોડાં બનાવ્યાં;
પડયો અંતર અગની ઠારો, મુજ પ્રાણનાથ ઉગારો. આ૦
મેં કર્યું છે નિશ્ચે મરવું, પણ સાચ થઈ દીલ ઠરવું;
મને ખોટા દીધા ફીટકારો, મુજ પ્રાણનાથ ઉગારો. આ૦
હું ચાંપરાજની નારી, થઈ ગુણકા વખત વિચારી;
કરી કસોટી નૌકા તારો, મુજ પ્રાણનાથ ઉગારો. આ૦
જેવી સિતાની રામશું પ્રીતિ, જેવી સુલોચનાની નીતિ;
એક બુદ્ધી કોટાપતિ પ્યારો, મુજ પ્રાણનાથ ઉગારો. આ૦
તમે દ્રુપદિની વારે ધાયા, તમે ગજની બચાવી કાયા;
તું સત્ય પ્રગટ કરનારો, મુજ પ્રાણનાથ ઉગારો. આ૦
જેવાં હતાં નળને દમયંતી, તેવાં હમે છીએ દંપતિ;
નળે કર્યાતા ઉલટા વિચારો, મુજ પ્રાણનાથ ઉગારો. આ૦
આ અધરથી વાદળું આવ્યું, મુજ ઉપર આ કોણ લાવ્યું;
હરિ મળ્યો કો કામણગારો, મુજ પ્રાણનાથ ઉગારો. આ૦
કોણે ભરમાવ્યા પતિ મારા, કરી વચન બાણની ધારા;
પ્રભુ વાંક શો દીઠો મારો, મુજ પ્રાણનાથ ઉગારો. આ૦
આ વખત નહિ સચવાશે, મુજ સ્વામી મરણ તો થાશે;
મને શ્યામ મુખે નહીં મારો, મુજ પ્રાણનાથ ઉગારો. આ૦

(ચાંપરાજ)

[૩૨]

ન ધીર ધરો મોરી સજની=હાં ધીર ધરો મોરી સજની.
ન રટન જપત પીયુ ભજનીરે=હાં ધીર ધરો.

(૩૪)

રો રો કે ફૂટતી છતીયાં ભઈ કયસી હાય સુરતીયાં
તોહેચયન નહી દીન રજની=હાં ધીર ધરો.
તેહારી જારી મોરી પ્યારી સુન સુન ઉઠત હય પીર
દુઃખ સાગરસે પ્યારી તોરી નૈંયાં દાતા લગઈ હૈ નીર

[અસીરેહિંદ]

(૩૩)

હો ન દિલારામ, તો કયા દિલકો આરામ!
દિલકો આરામ, ન તો જીનેસે કામ—હો૦
આંખોને કાતિલકી બરછી હય મારી,
મયેં બનકે મતવારી, હું કાતિલ પર વારી,
હય જીસે બેજારી! લાચારી! લાચારી!—કયા દિલકો.

શેઅર.

જિસકો અય રશ્કે સનમ તેરી અદા ભાઇ હય;
ઉસકો દૂરીમેં તેરી પાસ કજા આઈ હુયે.
ખાકે હમ ખૂને જિગર, અશ્ક સદા પીતે હુયે,
ઈશ્ક મહુબ્બતમેં હમેં દોહરી ગિજા ભાઇ હય—મયેં બ.

[હરિશ્ચંદ્ર]

[૩૪]

બાજી બગડી તો ગઈ, દુરજનના સંગ રંગે
પાજી હાજીઆ કહી, મુખથી રહે રંગ ચંગે
ખટપટીઆ ખુશામતીયા વળી મસલતીયા મોથાજ,
ચાડી કરીને રાજી રાખે, હલકા ઉપરી આજ
રાખી અંતરમાં છરી, ફસાવે સજનને ઉમંગે—બાજી.
ઈંદ્ર ધનુંષ્યનો રંગ જુઓ જ્યમ, સમય સમય બદલાય
ઉદય અસ્તનું કાલચક્રત્યમ, જાણે નહીં શઠ કાંય
માયા કોઇની ના થઈ, વહેતી જે સલિલ તરંગે—બાજી.

[રજનીચંદ્ર]

(૩૫)

ભરથરી ભ્રાતા વિચારીને તમે, કરો હું ઉપર કોપ;
વણુ અપરાધે (૨) તમે વદો વચન આરોપ. ભરથરી.

છો શિર છત્ર, [૨] નવ લોપુ નીતી ધર્મ;
બંધુ પત્ની મમ માત છે, કયમ કરૂં અવિહિતજ કર્મ. ભરથરી.

કટુ વચન બાણુ, [૨] શીરપર મુકોમાં કાપ;
આગળ વાત વિચારતાં ભાઈ પામશો પશ્ચાતાપ. ભરથરી.

પાંડવમાં ધર્મ (૨) લક્ષ્મણને જયમ રઘુવીર,
કનક ભક્તિ તેમ માહરી, નવ જાણો બંધુ કથીર. ભરથરી.

ગાવું આપ સેવ [૨] મુક્તિ દાતા મન માંય,
બ્રહ્મરસ ભોગી ભ્રષ્ટ થઈ, કયમ તુચ્છ વિષયને ધાય. ભરથરી.

હું તજું ગ્રામ, [૨] નવ નિશ્ચે રહું આ ઠામ,
લાજે જનુની માહરી, જો કરૂં ઘડી વિશ્રામ. ભરથરી.

વિશ બુદ્ધિમાં, (૨) અમૃત ધાર્યુ છે આપ,
કટું ફલ એના ચાખતાં, મૃત્યુ સમ પરિતાપ. ભરથરી.

[ભર્તાહરી]

(૩૬)

જગતના બાગમાં બાપુ મયાળુ એક માળી છે,
રસિલા ફૂલને પાણી સીંચીને નેક લાલી છે—ટેક.

સુગંધી તો ભમર લ્હેશે, ખરો માલીક તો તે રહેશે,
ખિલાવી જો નહિ દેશે, ભૂલ્યો નિજ ધર્મ માળી એ. જગત.

જશે જ્યાં ફૂલની કળીઓ. જશે સાથે સુગંધી તો,
હશે ફૂળ ત્યાં હશે કળીઓ, જુઓ ધારો નિહાળીને. જગત.

પિતા! પુત્રી પરાયું ધન, થશે બીજાને તે સ્વાધીન,
જશે ભરથાર લઇ તે તન, રહેશે રોઈ માળીરે. જગત.

(મનોહરી રંભા)

[૩૭]

કામણગારી નારી કહેને મને વાત તારીરે,
છેલ છબીલી છબી ફાંકડી આ દીસે અદભુત,
ગુણ હીણો ગામડીઓ બુઢો એતો ભમતો ભુત. કામણ૦
ચતુર વીચીક્ષણ તું ચતુરા ને ધણી મુરખ સરદાર,
ચંપકવરણી કેમ ચાલે છે ગમારથી ઘરબાર. કામણ૦

(લીલાવતી)

[૩૮]

દીલે નાદાં કો હમ સમઝાએ જાએંગે.
હીજરમે જીનકે જાન ચલી હય=
ન વોહ અહેલે ત્રીતમ બુલવાંએ આએંગે
સખ્ત પત્થરસે જીયાદા હય તેરા દીલ કાતીલ=
હુઈ આસાન ન જાબાજકી મુશ્કીલ કાતીલ=
ઉફ્રે બે દર્દ ત્રીતમ પેશાઓ જાહીલ કાતીલ=
દહને જખમ પુકારા કીયા કાતીલ કાતીલ=
કીસે જખમે જીગરકે એહ ચરકે દીખાએ જાએંગે=
= દીલે ના =

[દિલ ફરોશ]

[૩૯]

જોશું, રોશું, ખોશું સુખને, જાશે રાજ અમારૂં,
તેમાં સારૂં શુંરે થાશે, ગોરખનાથ તમારૂં;
પુત્ર તમારા ગુરૂ તણો છું, નામ મનુ છે મારૂં,
મોટા ભ્રાતા તુલ્ય તમે છો, અચ્યું ગણો તમારૂં;
માટે આપો કાંઇ હિમત, નિરભય રહે મારૂંજ તખત,
રે હો જોગી રાજા મુનિવર, ઉરજ ધરીયે નીસબત;
નહીંતો રાજ નકી જાવું દુશ્મન તાબે મારૂં. જોશું.

[પ્રિયારાજ.]

[૪૦]

વટ સાવિત્રિ વ્રત આજ, પુરણ કરીએરે,
લઇ કુમકુમ અક્ષત હાથ, ફુળ તો ધરીએરે.
છે પવિત્ર વસ્ત્રો બેન, આપણ અંગેરે,
કરો પૂજન વડનું આજ સૈયર સંગેરે.
વિધિ આ વ્રત તણીરે સાચવો તમો,
તો તો મંગળ તમારૂં થાયરે, આયુષ્ય પ્યારા પતિનું રે વધારશો.
શાસ્ત્ર વિષે સુંદરતા શી એની લખી,
તેથી તમારૂં રૂડું થાયરે—આયુષ્ય.
કંકકણ કર વિશે ચમકે તમારાં, અંબોડા શિરપર શોભે છે સારા
એ સહુ રેહેશે રૂપાળાં વ્રતની વિધી સંભાળો;
ઝાંઝરનો ઝમકાર તમારો, લટકો મટકો ને ચટકો તમારો
ખટકો હોય જો પ્યારો—વ્રતની વિધી.

(ચંદ્રહારા)

[૪૧]

હવે મને હરી નામથી નેહ લાગ્યો.
ભાગી ભીડ ભવનો ભય ભાગ્યોરે
માયા મદિર મારા મનથી મે મુકીયાં ને ઇદ્રિની ઓળખાણ મુકી
હેમ હીરાથી હાર મઢેલા તે ચાલ્યો તે ઉપર મુખે શુકીરે- હવે.
કોના સુત તાત કોના માતાને ભ્રાત સરવે સ્વારથનાં સગપણ રાખે
પ્રાણ ગયા પછી પાસે ન આવે કાઢો કાઢો મુખે ભાખેરે--હવે.

(નરસિંહ મહેતો)

[૪૨]

ધન્ય ભાગ્ય પધાર્યા ભમરા—છો દિલહાર ડાહયા ડમરા—
કમળાપતિ આપ હું કમળા—રસીઆ રસીક શણગાર
તું પ્રેમ બતાવે ખોટો--પાતર ઘર પ્રીતિ ટોટો
નહીં ગુલાબ હજારી ગોટોરે—તું૦ છટકેલ છટેલી નાર

શ્રૃંગાર મઝા નહી માની-ફોગટ સમજો જીંદગાની
છે ધરમ કરમ ધુળધાણીરે-શ્રૃંગાર રસીઆ૦
છે વિષય વિષનો પ્યાલો-જમપુર નક્કી જ્યાં ઝાલ્યો
ભવ એળે મદનથી મહાલ્યોરે-છે છટકેલ૦—
હજુ કુંવર તમે તો કાચા-નથી શીખ્યા મદનની વાચા
નથી નયન મુરલીએ નાચ્યારે-હજુ-રસીઆ૦—

[વિજયા વિજય.]

[૪૩]

સાંભળ ડીયર પ્યારી જાની,
હું રાજા તું સુંદર રાણી, જાન ડીદા દીલદાર
આશક થયો હું માની,
સુંદર છબીલી શાણી નખરાયે માર્યા ઠાર
મારા ગુલાબના ફુલ
તારી ઉપર હું છું ડુલ, તું થા મારી સરદાર
જા જા મ્હોબતના ગુલામ,
માનો માનો ડીયર જાન
ડેમ રાસ્કલ જુતીનો માર
જા, ઓ તું પાજી વાહ ગધમજી છો નમુનેદાર
લેશું દીવાળીની બહાર
છટ છટ ઓ ગમાર
પુરા વાગ્યા દીવાના બાર

[કુસુમાવતી.]

(૪૪)

બળું છું પ્રેમ આગમાં (૨) મને કોઈ બચાવોરે;
કોઈ બચાવોરે, એની મારી વારે ધાવોરે બળું છું.
હેરાન હું બેભાન છું મુંને શીદ સતાવોરે

(માધવ વિલાસ.)

[૪૫]

માલી વિનાની ખાલી, જોબન તણી ફુલવાડી
હાએ સુકાઇ ચાલી, પણ નાવે જીવન માલી
ગાલ ગુલાબ તણી ગઇ લાલી
નરગીશ આંખ નમી મદવાળી.
લ્યો સંભાળી
જીવન માલી
પાણી વિનાની ડાલી તાપે તપી હરિયાળી

[બાલતો કાગલ]

[૪૬]

ગ્રહસ્થાશ્રમની શોભા સઘળી, નારીથી સચવાય,
તે નારીને કહો નઠારી, એ કેવો અન્યાય—ગ્રહસ્થા૦
અવનિમાં ઉપજ્યાં બે સાથે, પુરૂષ પ્રકૃતિ રહ્યાં સંગાથે,
વંશ વૃદ્ધિ જેના થકી થાય, એથી ઉત્તમ કયું કહેવાય;
તે નારીને—ગ્રહસ્થા૦
નારી વિના કહો કોણ નિપજ્યાં, સાર્વભોમ પણ એથી ઉપજ્યાં,
ધ્રુવ પ્રહલાદ અને યદુરાય, એની પણ નારી મા થાય;
તે નારીને- ગ્રહસ્થા૦
જગતની જે આદ્યશક્તિ, નારી રૂપે પ્રત્યક્ષ પ્રગટી,
ગૃહિણી ગૃહ દેવી ગણાય, રિદ્ધિ સિદ્ધિ સ્ત્રી સમજાય;
તે નારીને—ગ્રહસ્થા૦

[ભિષ્મપિતામહ]

(૪૭)

સતિયોને બ્હેની, તનપર, સુન્દર સજવું ઘરેણું સાચું,
ટેકની ટીલડી કરવી લલાટે, લજ્જા કાજળ દ્રગ ભરીયે;
વિનયની વાળી નાકે રૂપાળી, હરી હેત હાર, હૈયે ધરીયે--સતિ.
કુલિનતા કેરી સજવી સજની, કોટે કંચુકિ નિત રૂડી;

ચળકે કમનિય, યુગલ કરોમાં દાન તણી શુભ ચુડી--સતિ.
સાડી શિયળની અંગ ઓપાવે, અળતો પતિવૃત કેરો;
મર્યાદા ઝાંઝર પગ ઝમકે, ચતુરાઈ ચરણીયો પ્હેરો--સતિ.

[સતીતોરલ.]

(૪૮)

માલીકનાં બાળક સૌ માલીક સૌના શ્રી જગનાથ [૨]
કર્તા હર્તા સૃષ્ટિના સૌ બાજી એને હાથ
રૂણાનું બંધે આવી મળતું
ખાળ્યું નવ કોઇનાથી ખળતું
જગત માત્ર તેને આધીન છે અનાથના જે નાથ
નહિ પીંડ આ પોતા તણો પોતાનું કાંઇ ન જાણવું
સૌએ શુભાશુભ કર્મને પોતાતણુંજ પ્રમાણવું.

(મહાશ્વેતા કાદમ્બરી)

(૪૯)

રસીક મધુર ચાખનાર, દૂર ક્યાં થયો,
નાખી મને મોહ પાસ, ચાલ્યો શું ગયો. રસીક.
આવીને અહિ તું પ્રાણ, મારી ગયો મોહબાણ,
લુંટી મ્હારી રત્ન ખાણ, લીધી તેં આણંદ લ્હાણ,
દારાને દમી સૂજાણ, ક્યાં જતો રહ્યો. રસીક.
આવ આવ પ્રાણાધાર, ક્યાં ગયો કરીને પ્યાર,
છેક તેં કરી લાચાર, મારી પ્રેમની કટાર,
લાગી આરપાર સ્હાર, કાળજે પડયો. રસીક.

(અભયસિંહ કેસરીસિંહ.)

(૫૦)

મોહોલે પધારો મહારાજ મણીધર મોહોલે પધારો
વહાલા પધારો વૃજરાજ મણીધર મોહોલે પધારો
કરી રાખીએ એકઠી ઘણા દીવસની ગોઠ

(૨૧)

રાજ મલેતો કીજીએ આવી રહી મારે હોઠ
મણીધર મોહોલે પધારો.
હું પણ દાસી બાવલી બાહ્યા ગ્રહની લાજ
જોબન લેહેરે જાય છે માંણોને મહારાજ મણીધર.
હું સરખી બહુ આપને મારે તો એકજ આપ
રહેવાતું નથી રાજગીણ કોને કહું પરિતાપ મણીધર.
સેજ અમારી ફુલડે આનંદ ઉર ન સમાય
પ્રાણજીવન ત્યાં પોઢશો હુતો તલશીશ પ્યારા પ્રાણ

(૫૧)

શિતળ ચન્દ્ર જેવું વદન કાન્તિમાન,
નયન મીચી લે તું શાન્તિથી વિરામ,
જાણે જઇ ભેટું એવા ઉમળકા આવે છે,
બોલું કંઈ બોલું ત્યાં તો શરમ દબાવે છે;
કાંઇ કાંઇ અંતર થાય, થાય થાય ના કહેવાય.
થર થર થર કંપે કાયા, સ્વર થરડાએ છે,
ચાલું ત્યાં ચરણો અન્યોઅન્ય અથડાએ છે;
લાગી લાગી હાંસ્મર લહાય લ્હાય અમડાય.
જાગોજી જાગો વ્હાલા નિંદ્રા વિસારી દ્યો,
રાગી થઇ ત્યાગી વ્હાલા ત્યાગી સમાવી દ્યો,
લળી લળી લાગું હું પાય-પાય ઢોળું વાય.

[સરસ્વતિચંદ્ર]

[૫૨]

ઘા લાગ્યોરે દલડામાં ઝુરી ઝુરી મરીએ,
ઝુરી મરીએરે, જાના; ક્યાં જઇ ઠરીએ—ઘા૦
ગંગા જમનાને તીરે, ગાડર સોડ્યાં રેઢાં,
તારી પાસળ પાસળ દાઢી ફરીએ [૨]—ઘા૦

(૨૨)

કેરખડી લાડીને, કેરખડી લાડી તું,
હરખે હરખાં સોડી, હીદ ભરીએ [૨]—ઘા૦
કુંવારાં કાંમળી, ઓઢી આવ્યું માસીરે,
નેહ લગાડયો, વછયો નવ કરીએ [૨]—ઘા૦
ઘરડા ઘોઆરો ગોતી, હું હગ માણવાની,
જાને જનમારે, જીવડા ખડ સું સરીએ [૨]—ઘા૦

[ગ્મા]

(૫૩)

મારા તનમાં મનમાં ભર્યો છે ઠર્યો છે ભય જાઉ ગજ જાતી.
વળી ગુમાવ્યું મેં ભાગતાં ભાગતાં (૨) નકવેસરનું મોતી મારા.
હાલવું ચાલવું હારી શું હાય, જીવ મારો ગભરાય,
કેદી ફરી મારૂં મળશે મોતી,
ગોરી હું કાઢીશ ગોતી--મારા.

(નાભાગ્ય સુન્દરી)

[૫૪]

ગોર્વીદ ગુણ ગાઓ રે નરનાર,
ગીરીધર શ્રી ધર શ્રી મુરલી ધર,
નામથી નેહ લગાવો—હા નેહ લગાવો રે.
મારૂં તારૂં મિથ્યા માની કૃષ્ણ કૃષ્ણ કહે જાવોરે રે.
અધમ ઉધારણ ભવ જળ તારણ,
નિરભય નામથી થાવોરે ભયં નામથી જાવોરે રે.

(સતી દ્રોપદી)

(૫૫)

જેસલ કરી લે વિચાર માથે જમ કેરો ભાર
સ્વપ્ના જેવોરે સંસાર, તોળાંદે કરે પોકાર
આવોને જેસલરાય આપણ મળીયે
ખરા સંત હોયે ત્યાં જઈ ભળીયેજી

આ ભવ આવીયો અવતાર માથે સદગુરૂ ધાર.
જાવું ધણીને દરબાર બેડલી ઉતારે ભવપાર—આવોને.
મોતિ એરણમાં ઓરય, માથે ઘરણુ કેરા ઘાય,
ફુટે ફોગટીયા કહેવાય, સાચાની ખરે ખબરું થાય આ.
નવલખ કોથળીઓ બંધાય, ત્યારે ગાંધીડો કહેવાય,
હિરામાણેક હાટે વેચાય, તેનાં મૂલ મોંઘાં થાય—આવોને.
નિત્યાનિત્ય ઉઠી ન્હાવા જાય કોયલા ઉજળા ન થાય,
બેટો ગુણિકાનો તેતો બાપ કોને કહેવા જાય—આવોને.
દેખાદેખી કરવાને જાય, એ નર અધુરીયા કહેવાય,
હાથમાં દીવો લઇને, છતી આંખે કૂવે પડવા જાય,
એવી ચાર જુગની વાણી, સતિ તારલ દેવી ગાય—આ.

[સતી તારલ]

[૫૬]

ના તરસાવ (૨) મધુકર ડંખ દઈ કયા ઉડે,
ફરી ફરી નહીં મળે આવો દાવ—ના૦
સ્નાન કરી લે તન સરવરમાં, કળશ કનકના ગ્રહીને કરમાં;
લઈ લે સુખના લ્હાવ—ના૦
ઝાકળાનું જળ હોય ન મીઠું, જાણી જમશે કોણ અજીઠું;
તજ તુજ શ્વાન સ્વભાવ—ના૦

(સુકન્યા સાવિત્રી)

[૫૭]

થયા છોરે પતિ તજ પ્યારી તનનાં, ઉર હસી વરી આજે, તનના
છેલ છબીલા રૂડા રંગીલા, રાજપુત્ર પ્રખ્યાત,
જોયા બાગે, અનુરાગે, ચિત્ત લાગે, કેમ ત્યાગે, પ્રભુ તે વખતે
મેં તન મન તમને અરપ્યું થઈ રાજી—થયા.
કૃષ્ણ કૃપાએ તમોજ મળીયાં, દિલમાં જે ચિત્ત ચાહ,
નોતું નકી, નોતી વકી, નિશા પકી, વિધી લખી;

પ્રિયા ઉત્તમ તન બની ઠની દેવસુંદરી, પદમણી મળી આજે-થ.
મેહેલ જતાં તેહી તરછોડી, હવે ન મુકું હાથ,
ચાલો આવું, મન ભાવ્યું, કેમ નાવું, પ્રિય કહાવું;
હવે હાજર છું તન મન ધન દેવા, જેમ પ્રેમ છાજે.

(ચંદ્રહાસ.)

[૫૮]

મન મયલ મિટે, તન તેજ બઢે, હૈ રંગ ભંગકા લોટા,
સૌ રોગ ટળે, સૌ સોગ જલે, કરે ભંગ અંગકો મોટા;
જબ તાર જમે, આજાર રમે, નવ હાથ બઢેજી છોટા,
તન સાફ, મન સાફ, હો સાફ આદમી ખોટા—મન.
લે ફુંદ દૂધમેં ઘોલા, તો રંગ બના અનમોલા,
કર પાર ભંગકા ગોલા, હરબાર બોલ બમભોલા
ઉઠ ભોર નહાકે ગંગ, ચઢાલે ભંગ, જમા લે રંગ,
નિરાલે ઢંગ, દિખા દે જંગી કુટી સોટા—મન

(હરિચંદ્ર)

(૫૯)

કાયાની માયા જુઠી સહુ જાણરે
પલમાં વીખરાશે તારો માળો આ સંસારનોરે
બીન્દુ જેમ ઝાકળ કેરૂં માનો મોતી જુઠુંરે
એમ સંસારની માયા મીથ્યા માનરે પલમાં.
સગાને સમંધી સ્નેહી કોઇ નથી તારૂંરે
સ્વાર્થમા રાખે સગાઈ સગો ભાઇરે—પલમાં.

(રજનીચંદ્ર)

(૬૦)

શું કહું કથની મારી રાજ શું કહું કથની મારી,
હું તો દૈવના ત્રાસે હારી રાજ—શું કહું

(૨૫)

પરણી પારિજાતક મેં અર્પણ કીધું મન મારૂં.
પતિ તજી પરલોક સીધાવ્યા કરી જીવતર મમ ખારૂં—રાજ.
ચંદન કાષ્ટની ચિતા રચાવી પતિ સહગમનની આશે
સુન્ય દેહ મમ સ્વામિતણો પણ ઉડી ગયો આકાશે—રાજ.
અરપ્યું મેં સર્વસ્વ સ્વામિને પ્રેમની કફની ધારી
તજી જગત જંજાળ સર્વ હું પ્રીતે ભજુ ત્રિપુરારી—રાજ.

(મહાશ્વેતા કાદમ્બરી)

(૬૧)

શૃંગારમાં ડુબાવિતી, તમેજ મુંને,
પીયુને તજાવનાર વેરી, અલંકાર શૃગારમાં. એ ટેક.
હિરા મોતી જડીત્ર કંકણ દુર જાઓ,
પોખરાજ રત્નહાર અદ્રશ્યજ થાઓ. પીયુને.
જરિઅન સાડી ચુડા મણિ બળી જાઓ,
રૂપ દેહીનું બળીને ખાખવત થાઓ. પીયુને.
અરે કાંપ મૂકયો મુજ હૃદયમાં કાપ.
અરે બાજુબંધ ઉપજાવ્યો તમે તાપ. પીયુને.
શ્વેત વસ્ત્ર સાડી દાગી, લાવે તું અવાર,
પ્રભુને શરણ થવું ઉતારી શૃંગાર. પીયુને.
શીયળ ભંગના પાપ થકી મુંને ઇશ.
મુક્ત કરશે દિનાનાથ અરપું એને શીશ. પીયુને.

[ભર્તૃહરી]

(૬૨)

વ્હાલા વૃજલાલ સાથે લાગીરે લગનીયાં
માહરી મહારાજ
પ્યારી છબી શામળાની, સ્થાપી ઘટ ઘરમાં મેં તો.
એને હાથે છે મારી લાજ
વ્રન્દાવનમાં ફરતા ધરતા વરતા. આ આ........વ્હાલા.

(૨૬)

હૈડે નિત હેત ધારી, બંધુ હળધરના હુંતો
સેવું છોડીને બીજા કાજ.......વૃન્દા....આ.......વ્હાલા.

(સૂરદાસ)

[૬૩]

આવે સમએરે જામીન, મિત્ર વિના કોણ થાયરે,
વાહાલા વિના કોણ થાયરે. આવે.
સલામ મિત્ર સો મળેરે, તાળી મિત્ર અનેક,
ભીડ ભંજન કોઈ વીરલા, હોય સો લાખનમાં એકરે–મીત્ર.
મુખ મીઠા કપટી હૃદયના, લેખું લાખ કરોડ,
સંકટમાં શીશ અરપે એવા જગમાં ન મળે જોડરે–મીત્ર.

[પવિત્ર વન્િમ].

(૬૪)

કોઈ કાઢો જળ બહાર, મારો હૈયાનો હાર.
હૈયાનો હાર, જોબનીયાનો શણગાર—કોઈ.
મોંઘા મૂલનાં મારાં મોતી નંદાશે,
કચરે પુરાઈને કચરાળાં થાશે:
કાંઠે ઉભી હાર તણી આશે,
કરૂં હું પોકાર. હું કરૂં હું પોકાર—કોઈ.

[બિંમપિતામહ]

(૬૫)

તમે રમીયા બોલે પળાજો રાજ, વ્હેલા વ્હેલા વળાજો.
દાસી ઉર અરજી ધરજો રાજ વહેલા વહેલા વળાજો
સ્વામીનાથ છો પ્રાણ અમારા અનૃત આણંદ ભરજો રાજ
વહેલા વહેલા વળજો રાજ
નાર નવેલી તમ વીણ સ્વામી કરમાશે મન ધરજો રાજ
વહેલા વહેલા વળજો રાજ

[કુસુમાવતી.]

(૬૬)

હાય મા મને ક્યાં મળશે,
ક્યારે આશા મુજ ફળશેરે;
માતુ વીણ કહી ચૈન પડે નહીં સુનું સહુ ઘર લાગે,
વહાલ કરીને કોણ ચુમી લે દુખ મારૂં કોણ ભાગે

[નિલમ માણેક]

[૬૭]

આજ શાહેવાલાને પાઇ શફા સાજ સભી આલા દુબાલા હુવા
રાજ કરે બાગોમે બાદે સબા તાજ ગુલેલાલાકા સરપે રખા
બાદે સબાને બાહાકે પ્યાલે આજ પીલા ગુલકો મતવાલા કીયા
ક્યની બહાર હય સહેરા ગુલજાર હય
માલી નીસાર હય જાન જાન જાન
બુલબુલભી શાદ હય યાં ગુલભી શાદ હય
હામીલ મુરાદ હય કામીલ મુરાદ હય
ગાઓ મુબારકબાદી નાચો સારી પ્યારી
ન્યારી ન્યારી વારી વારી જાએં

[હાર જીત]

(૬૮)

પરદેશી સૈયાં નેહા લગાયે દુખ દે ગયો
આવનકી ઔધિયાં કિયે ગયો, સુખ લે ગયો દુખ દે ગયો
નૈનન બિરમાય રાખો, બયરન લલચાય રાખો,
કેહકો અમૃત રસ ચાખો, કેહકે રસબસ અભી લાખો,
હમસે બતીયાં કરકે પતિયાં ના દયો સુખ લે ગયો,

[શાહીદે નાજ]

(૬૯)

અરે નાદાન ! અરે બેધ્યાન ! જરા તો માન ! જરા તો માન !
ન ખો તું જાન, ન હો હયરાન, જરા તો માન ! જરા તો માન !

કયસી રાની, કયસી બાની, કયસી લાલાજી કે લાલ,
બાતેં તેરી લમ્બી ચૌરી, બાકી સૂખા જય ગોપાળ !
રિખીકી માન, જો તું ફરમાન. તો હો હંસિ આન તેરા કલ્યાન,
અરે અગ્યાન ! ન કર હયરાન, જરા તો માન! જરા તો માન !કયસી

(હર્ ગાર્ડ)

[૭૦]

સોહાવે સબી આજ વલી સરતાજ,
સુનાવે કોઈ આજ વલી ભયો રાજ—સોહાવે૦
ગોકુલવાલા પ્યારારે ઇંદ્રાસનવાલારે,
તીજે ભએ માહારાજ—સોહાવે૦

(હામાન)

[૭૧]

હાએ સૈયાં પડું મય તોરે પઈયાં
સતાઓ કાહે મઈકા
પીયા પ્યારે સઓતનપે જાઓ વારી
મોહે બીરહાકી મારો ક્યું કટારી
કટારી મોરે સૈયાં હએ મારી મોરે સૈયાં
પલપલીયાં તલમલીયાં બે કલીયાં હો રઈયાં
બીરહાકી મારી મયતો રાર કરૂંગી
અયસે નીઠુર તુમ હાય,
મોહે કાહે સતાએ મોહે કાહે જલાએ
જી જલાએ કલપાએ તડપાએ તરસાએ

(દાવપેચ)

[૭૨]

મોહે પીયાકે મનકો ગાનેકી ઉપજ તાંન,
લુભાવેરે જીયરવા, હંસાવે રૂલાવે જગાવે દીખાવે.
વોહ રબકી શાંન—સોહે પીયાકે૦

સુરોંકી બીનતી સુંને, ન્યારી તાન ઉપજ પ્યારી પ્યારી,
ઇનસાંનોં હુએવાંનો દેવો પરીજાંન.
હુરાંનો ગીલમાન શાદમાંન—સોહે પીયાકે૦

[હામાન]

(૭૩)

પ્હેરી ચોળી લટકાં મટકાં કરતા આવ્યાં,
રંગે બોળી સાડી ઓઢી મન લોભાવ્યાં,
ઝાંઝરનારે ઝણુકારે, કર કકણુના ખખડાટે,
કાજળથી નેત્ર દીપાવ્યાં—પ્હેરી૦
હવે શરમાવો ઠાલા,
શાને દીયરજી મારા.
બોલો—બોલોજી બોલો, બોલો,
મેં કેવાં તમરાં નખરાં તો જણાવ્યાં—પ્હેરી૦

(સોભાગ્ય સુંદરી)

[૭૪]

જાઓ જાઓ અવગુણ મુંખ શું, ભાખો મુજ ભરથારનારે.
સદગુણના છે એ ભંડાર, દોષ નથી એમાંજ લગાર,
રતિરૂપ બહુ ભર્યો પતિ પરમારમારે, જાઓ શું.
ક્ષમાવંત પણ શૂરવિર પુરા, ઉદારતા ગંભિર ગુણુ ધિરા.
નથીજ કોઇએ નરવર એની હારનારે; જાઓ શું.
મારા છે એ મુગટ મણિ, પ્રતિમા ક્ષત્રી નીતિ તણી.
ધણી એહ મુજ વાગ્રી, નગરી ધારનારે; જાઓ શું.

(જગદેવ.)

[૭૫]

ધીક સુવા ધીક મુજને, ધીક કામ વીકારજી,
જેણેરે ભુલાવી મુંને સત્યથી, કર્યા નીચ વીચારજી;
ભેખરે ઉતારો રાજા ભરથરી.

ક્ષમા કરોરે રાજા રંક છું, નારી અજ્ઞાન જાતજી,
અન્ય વખત આવું નહીં કરૂં, લાજ્યા માતને તાતજી:
ભેખરે ઉતારો રાજા ભરથરી.
કપટ રૂપી રાણી પીંગલા, એ શું બોલે વચનજી,
રાજરે તજ્યું તુજ કારણે, જો વિચારીને મનજી;
ભીક્ષા દેને મૈયા પીંગલા,
તુંરે ખોટી ખોટું રાજ છે, ખોટો સારો સંસારજી,
અલખ જગાવું વને એકલો, જેથી પામું ઉધારજી.
ભીક્ષા દેને મૈયા પીંગલા.
રહો તો રાજા રસોઈ કરૂં, જમતા જાઓ સ્વામીનાથજી,
ક્ષીરરે નીપજાવું ક્ષણું એકમાં, જમીએ આપણ સાથજી:
ભેખરે ઉતારો રાજા ભરથરી.
મઢીરે કરાવું રંગ મહેલમાં, રાખું ગુપ્ત અવાસજી,
જેમરે જાણે નહીં જગતમાં, કરશું ભોગ વિલાસજી,
ભેખરે ઉતારો રાજા ભરથરી.
મેહેલરે તારાને રાણી શું કરૂં, કેવો ગુપ્ત અવાસજી.
ક્ષીરરે ભોજન તારૂં રાણી શું કરૂં નથી ભોગની આસજી,
ભીક્ષા દેને મૈયા પીંગલા.
વાસી જંગલના જોગી અમે, નહીં ગ્રામમા વાસજી.
વિષય વેલીથી અલગો રહું, નહીં નારીનો પાસજી;
ભીક્ષા દેને મૈયા પીંગલા.

[ભર્તૃહરી]

[૭૬]

કાઢો મુખે આવી કહાણી, પિતા નોચે સુજનની વાણી.
નાવ્યા કદી પૂછવા કેદે મોટી થઈ, બોલી જબરી,
વાહ લવરી, નથી કુંવરી, નોતી તમારે રાણી–કાઢો.
પિતા નિજ તનુંજા, દ્વેષી થઇએ નહીં, અતિ કરતા,
નથી ડરતા જગ કરતા, પિતા મોટા છે જ્ઞાની–કાઢો.

(ચ દ્રહાસ.)

(૭૭)

હમારી લાજ તમારે હાથ એ નાથ નિભાવજોરે....હમારી
સદગુણ જ્ઞાન સુબુદ્ધિ આપો,
સતચિત આનંદ ઉરમાં સ્થાપો.
અગમ નિગમનો માર્ગ સુગમ બતલાવજોરે........હમારી
ભકિત થકી ભવ બંધન તુટે, ડગલે ડગલે આયુષ ખુટે.
શ્રીધર અમ તન મનના તાપ સમાવજોરે........હમારી

[મહાશ્વેતા કાદમ્બરી]

[૭૮]

બીછાવી સેજ સુંદર સારી, પીયુ પધારે આજ મોલમારે
આનંદકારી,
અરપું હું ગળે પુષ્પના હાર (૨) નાથ આજ ડાયા હેત
પ્રીત માયા,
આજ પધારે મોલમારે માનવંતી જાયા, બીછાવી.
ઠાંસ્યાં મેં વાળ વાળ મોતી, (૨) બેઠી વાટ જોતી, આજ આશ
પોતી, થયા અનુકૂળ આજ એહશું વૃત્તિનાર ચોંટી બીછાવી.
કહેછે ભણ્યા ગણ્યા એ ગ્રંથ, મુખ જોઉં પ્યારૂં દેહ કામ મારૂં
આજ વિનોદે વાત કરી હું કંઠે હસ્ત ધારૂં બીછાવી.

[જગદેવ]

[૭૯]

આ તારાં વચનો સારાં સ્નેહે સાંભળતાં,
શાન્તિ પામ્યું છે મન મારૂંરે આજે—આ૦
જગની જંજાળમાંથી બળતો બચાવ્યોજી,
ધન્ય ગુરૂ ચિન્તામણી ધારૂંરે આજે—આ૦
ભકિત ભગવાન કેરી કરતા હંમેશાજી,
થવાનું ત્વરાએ શુભ તારૂંરે–શાણા—આ૦

[સૂરદાસ]

[૮૦]

આશક ખરબૂચા જેવા, માશુંકનો પૂર દમામ,
ચાહે રાંડે કે માંડે, શું અમને તેથી કામ,
જાણે ઘરડી ઘોડીને, પહેરાવી લાલ લગામ,
જોડી જુગતી છે એવી, કે જોવા મળશે ગામ,
વર લોભ ધરે કન્યાનો, જમવાને માગે જાન.
ઘોડાને બદલે ખાંધો, ગીતડાને બદલે કાણ.
અહીં માંડવડો મંડાયો, ત્યાં કાષ્ટ ગયાં સમશાન,
ચોરીને બદલે ચોકો, ને રામ બોલો ભાઈ રામ,

[બોલતો કાગલ]

(૮૧)

જોગીરાજ કામકાડીલા ભાસે, મહારાણી મહેલે હોંશે જાશેરે, જોગી
કંચન થાળમાં ભોજન લાવ્યાં, ખાંતે પ્રભુ મારા ખાશેરે, જોગી
કિંકરી ઉપર કૃપા તો કરશે, નહીં કાઢે નાથ નિરાશેરે, જોગી
જાગો પ્રભુ મારા જાગો હવે તો, આવ્યાં અમો મોટી આશેરે. જોગી

[ત્રિયારાજ]

[૮૨]

આંખ વિના અંધારૂંરે [૨]
સદાય મારે આંખ વિના અંધારૂં.
કોઈ કેશે લાલ લીલું,
આ ધોળું ને આ પીળું.
મારે મન સઘળું કાળું કાળુંરે [૨]—સદાય.
કોઈને જગ લાગે સારૂં,
કોઈને લાગે નઠારૂં.
મારે મન જીવતર ખારૂં ખારૂંરે (૨)—સદાય.

[અન્સયા.]

[૮૩]

માણેરા તું રોમા પુત્રજ માહુરા,
ઘેલા કૂળમાં કાળું લાગે કલંકજો. ટેક.
મરતાં વાલા માને નવ સંભારીએ,
એવાજ આપણા લખ્યા વિધીએ અંકજો. માણેરા.
ઉમ્મર નથી તારી શિખામણ શું દઉં,
અમર રાખવું પુત્ર આપણે નામજો;
તુજ માતાનું શિયળ આમ સચવાવવા,
કુંવર કોડીલા આવો છો ત્યાં કામજો. માણેરા.
રોઈ રોઈ આંખો નવ કર તન તું રાતડી,
છાતી મારી ફાટે છેલા છેકજો;
સ્વાધિન થા મુંગે મોઢે સમશેરને,
નમેરીઆને મારજે જખમજ એકજો; માણેરા.

(ગાંધગાર)

[૮૪]

પામ્યો પામ્યો પદ્મણી આવી હો જાણો તેની સફળ જીન્દગાની
એક કટાક્ષ પાડે છે નરને, પછી નજર નહીં દેખે અવરને
દેહ છટા દીએ દીપાવી હો, જાણો તેની.
ચંપક વરણી વેણી વિશાળે, વનીતા એવી વસંતકાળે.
ભાગ્ય થકી મળી મન ભાવી હો, જાણો તેની.

(ત્રિવિક્રમ)

[૮૫]

દશા આ શી થઈ મારી, કરમની છે ગતિ ન્યારી. દશા.
રમતાં રાજ મહેલમાં વસ્તાં સુખ મોજાર
સેવામાં હાજર હતાં દાસી દાસ હજાર
ભોગવવી આજ લાચારી, પડયો હું વનમાં આજારી. દશા.
ફુલ સહી આપણુ જેહને કઠણ લાગતી સેજ
સુતી છે પત્થર તણી ધરતી ઉપર એજ

મહારાજાની કુમારી દુઃખી છે બેન મુજ પ્યારી. હશા.
તરસ્યાં ભુખ્યાંને અમે દેતાં પાણી અંન
ટળવળીએ આ વન વિશે ભુખ્યા વિણ ભોજન
પીવા મળતું નથી વારી [પાણી] રહું કેમ ધીર હું ધારી. હશા.

(કનક તારા)

(૮૬)

ઓ સાહેલીરે [૨] સમજી કરીએ પ્રીત
નથી સેહેલીરે (૨) અટપટી પ્રીતની રીત
બોલો અનેક સુણી બીજાના
બોલ તોળી બોલીએ
સામાનું દીલ જોયા વિના
નવ આપણું દીલ ખોલીએ
અંતર સામાનું ભાળી
ભરીએ ડગલું સંભારી
એક હાથે પડે કેમ તાળીરે

(મહાશ્વેતા કાદમ્બરી)

(૮૭)

આણો પૂરો આ પૂરો શાણો છે નીતિ વચન મુખ શા સંભળાવે,
વેશ કંગાલનો વસ્ત્રમાં ભાસે પણ ઉત્તમ કુળ એ ઓળખાવે શા.
દિવ્ય કાંતિ છે દેહની કેવી, રાજ કુંવર તન તેનું જણાવે શા.
પ્રશ્ન કરીને પૂરોરે જાણું, મોહની મૂજ પર એ ઉપજાવે શા.

(ચંદ્રહાસ)

(૮૮)

શું દરશિ તુંને જાવા, દુઃખી થાવા નહીં લાજમ,
મુજને એહ, માહરે બદલ મુંકું વાર. વાહ,
નવ બોલ બોલ આવો દે જાવા,
નહીં નહીં એ મારી રીત, નહીં ચોગે રાજ તન ચિત્ત,

કરૂં કેમ અરે વિપરિત, તુજ સાથે જોડી પ્રિત.
નવ કાઢ વચન આવાં, દુઃખી થાવા.
તું મારો છે તન પ્રાણ, મનું તું છો મારો દિલ જાન.
તુંને કેમ કરૂં હેરાન, આ વખતે મૂકે તાણ.
હઠ છોડ મિત્ર મનુભા દે જાવા.

(ત્રિયારાજ)

(૮૯)

ઉર જાણી અબળા જાત, કરૂં ના ઘાત લગાવું લાત
દુઃખ પામ જા દીન રાત, ના કર વાત થશે ઉત્પાત.
ઉતમ આશ ગુમાવી ખાસ, કરો ઉપહાસ બારેમાસ
રેત્રાસ આ ત્રાસ ....ત્રાસઉર.
પરણી તને કો વાર ન જોયો સાર, પ્યાર પ્રચાર.
તજો પતિ વ્યભીચાર, નથી કાંઈ સાર બનો કાં ખવાર.
એ ભરથાર હૃદયના હાર, વચન સ્વીકાર કહું આ વાર.
જારને માથે માર.

(નીલમ મા...)

(૯૦)

નારાયણ નરસિંહ નરોતમ, પુરૂષોતમકો ધ્યાન ધરોરે. ટેક.
જે ચપળાને ચીતવું નિશદીન, તેમુજથી બેદિલ રહેરે. જે
તે કોઈ અન્ય પુરૂષને ઇચ્છે, તે નર નાર બીજીને ચહે
વળીતે બીજી મુજપર આશક, કહો એ ભેદ કોણ લહેરે. જે.
ધિક જે પ્રથમ કરીછે પ્યારી, ધિકછે એના યાર તુને.
ધિક તે નારી અવરજે તારી, ધિકછે કામ તથાજ મુનેરે. જે.
ભલે ભામની જાણો સાચી, નથી થવીએ સાચીરે.
કોડ ઉપાયે કરો યત્ન પણ, કામ પ્રગટતાં કાચીરે. જે.
ધિક નર નારીના વિશ્વાસી, રહે શૃંગારે રાચીરે.
તે નર ગોથા નકીજ ખાશે, ફસાઈ પડશે ફાંસીરે. જે.

(૩૬)

એકજ કામની ઇચ્છા એને, એકજ સુખની પ્યાસીરે;
ઝેર હૃદયમાં મુખમાં અમ્રત, જણાશે જુવો તપાસીરે. જે.
છે અબળા પણ નરની ઘાતક. કંઈ નર કરતી ઉદાસીરે;
ભોલ પણે ભુલો ખવડાવે, નિચ નરકની વાસીરે. જેચપળા

ભર્તહરી

(૯૧)

રૂપે શું મન રાચોરે કાયાનો રંગ કાચોરે ભગવાન ભજો (૨)
હાડ માંસ ને રૂધીર ભરેલું મઢયું ચામડે અંગ [૨]
ગંદા દેહનો ગર્વ નકામો કાયાનો રંગ પતંગ
ભરૂશો નહીં સાચોરે કાયાનો રંગ કાચોરે ભગવાન

મહાશ્વેત કાદમ્બરી

[૯૨]

જાગરે જીવ સંભારને શ્રીહરી શઠ થઈ શું સુતો સોડ તાણી.
પોટલાં પાપનાં બાંધીયાં સાથ નવ જ્ઞાન વૈરાગ્યની વાત જાણી
દિવસે ચોદિશ ભમ્યો રાત નીદ્રા વિશે સ્વપ્નમાં સાંભરે ખોટી માયા
જન્મીને જીવનનો સાર જાણ્યો નહીં નવ ઘડી એક ગોવિંદ ગાયા
મોહમાં રહી મચ્યો પ્રપંચમાં તું પચ્યો મોઘો ચિંતામણી એળે ખોયો
વાર્યું કરતો નથી હાર્યું કરવું પડે અંતે પસ્તાઈ પસ્તાઈ રોયો

(અનુનયા)

[૯૩]

ચંદ્ર શો શોભે અહીં, એની મોરીરે;
મદનાતુર છે માનની, વિરહ વિશે વ્યાકુળ.
શાણી પીયુ સંભારતી, આવ્યા થૈ અનુકૂળ—ચંદ્ર.
ચંપક વરણી ગજમતી, ચંદન ચર્ચિત અંગ,
મદમાતંગ મનાવવા, આવ્યા ધરી ઉમંગ—ચંદ્ર.
સુંદર મુખ સોહે ઘણું, જગાડવા હું જાઉં,
કામદેવ સમ છે કળા, અંતર અતિ હરખાઉં—ચંદ્ર.

નથી અવર નર નીપજ્યાં, ક્ષત્રાણીના તન,
પરાક્રમી પરમારથી ઝળકે તેજ વદન—ચંદ્ર

[જગદેવ.

[૯૪]

પ્રેમનો કોલ દીઓ રામકુમાર, મારા થઈ ચુકયા પ્રાણાધાર,
મારા રસીયા રાજકુમાર, પ્રેમનો૦
લીઓ કોલ આ પ્રીતથી, કરો સફળ તમ આશ,
રસીયા રસબસ કરી, બાંધી પ્રેમને પાશ. પ્રેમ૦
ચતુરા દ્યો ચુંબન હવે, ચંચળ ચિત્ત મુજ ચ્હાય,
ધર્મ વિધિથી હસ્ત મેળવ્યા વિના ચુંબન નવ થાય. પ્રેમ૦

(વિબુધ વિજય)

(૯૫)

મા બાપને કેમ મૂકીએ, સ્વચ્છંદી થઈ મા બાપને કેમ મૂકીએ.
પાળી પોશીને મોટાંરે કીધાં, કેમ આભાર એના ચુકીએ. સ્વચ્છંદી
વિરૂદ્ધ હોયતો જઇને વિનવીએ, પણ નવ મર્યાદા મુકીએ. સ્વચ્છંદી

(વિબુધ વિજય)

[૯૬]

મન મુરખ મમતા મેલી, ભજ અંત સમયના બેલી,
રહ્યો પ્રપંચ દાવે ખેલી, પણ હારીસ બાજી જીતેલી—મન
આવ્યો ત્યારે લાવ્યો શું
સાથમાં શું લઈ જશે (૨)
ઠાલી હાથે આવીઓ ઠાલોથઈ પાછો જશે
જેની સંગે રહયો રંગ રેલી, તે મુકશે તને હડસેલી.
નહીં રહે નાણાની થેલી, ઘરબાર હાટ હવેલી—મન

[મહાશ્વેતા કાદમ્બરી]

(૯૭)

ચાલો ચાલોરે સાહેલીઓ સાથ પાણી ભરવાને,
લીયો લીયોરે ઘડુલીઆં હાથ આનંદ ધરવાને,
હળતાં મળતાં વાતો કરતાં જળભરવાને માટેરે,
જઇએ સૌ સાહેલી સંગે રંગે રમતાં વાટ........પાણી ભરવાને
સુંદર મનહર બગીચા અંદર, ફરતાં સૌ સાહેલીરે
રૂમઝુમ રૂમઝુમ ચંચળ ચાલે, ચાલો સૌ અલબેલી.... ...પાણી

(અભયસિંહ કેસરીસિંહ)

(૯૮)

અજબ નથી ઠગાઈ જાય પુરૂષ નારીથી;
જીતી નથી કોઈ ગયા નારી ઠગારીથી—અ૦
પાપી કલીઓ પેટા તણી ચુંગાલમાં ફસી;
સીઝર ગયો સમર્થ જીંદગાની પ્યારથી, —અ૦
સીકંદરે રહ્યા નહીં આનંદમાં કદી;
ત્રીયા તણી કુચાલતણા ઘાવ કારીથી—અ૦
ખુવાર થઈ હજાર મુળ નીચ મ્હોતમાં;
રિઝિયા ઇલિઅબેથની મદભર ખુમારીથી—અ૦

[કુન્દ બાલા]

(૯૯)

ખંતેથી નમી તને અંતે વીનવીએ,
દયાવાન દયાવાન દયાવાન દયાવાન સ્હાય સ્હાય સ્હાય સ્હાય.
દયાહીન થયો ક્રૂર ખેંચી લાવ્યો અહીં દૂર,
કપટેથી મગરૂર થઇ જોરે ભરપૂર,
પ્રાણ લેશે એ જરૂર દયા નહીં ધારે ઉર,
તજી આ તોફાની પૂર આવીએ તારી હજુર,
શરણે બન્ને છઈએ તારે, તુંજ મારે કે ઉગારે,
અથવા પાપોને સંહારે કરીને ભવ સાગરથી તારે,
સ્હાય સ્હાય સ્હાય સ્હાય.

(કનક તારા)

(૧૦૦)

પુનમ ચાંદની ખીલી પુરી અહીંરે, શોભે રજની સુંદર શી આજ.
હેતે રમીએ સંગાથે સૈયર આપણેરે.
સૈયર કંકણો શોનાનાં કરે ધર્યાંરે, માંહે જડીયાં છે નીલમ
મણી નંગ—હેતે૦

મળીઆં આજે આપણે, ધરી શોળ શણગાર;
કર કંકણ ચુડી ચમક, ચંદ્ર તેજ એક તાર.

હીરા રત્નથી જડીત ઉર હાર છેરે, મોતી ગુછ લળકે છે
બાજુબંધ—હેતે૦

અંબોડા પુલે જડયા, સર સેંથે હિંગુળ;
કીધા કુમકુમ ચાંદલા, મુકતા માળા ઉર.

આરસ પારસ મણી જડેલો ચોક છેરે, તેમાં રમતાં વસતાં
હૈયે નણદલ વીર—હેતે૦

પેર્યાં ઝાંઝર પ્રીતથી, ઝણુણ કરે ઝણકાર;
ફરીએ સૈયર પુદડી, આ રજની મોઝાર.

સખીઓ વેલીઓ પુલી વિધ વિધ ભાતનીરે, તે તો આપે
છે શી સુંદર સુગંધ—હેતે૦

કથા શિયળની સાંભળી, પ્રિતમ ઉપર કેમ;
વદયો સખી વિરહી થઈ, મળે ત્વરાથી કેમ.

પુનમ ચાંદની:—

[ત્રિવિક્રમ]

[૧૦૧]

પતિવિના પ્રેમદાના મનનાં પુરાય કયાંથી કોડ
કહે સખી પુરાય કયાંથી મનના કોડ
સરજન હારે સરજી જગમાં નરનારીની જોડ (૨)
પશુ પક્ષી વન વૃક્ષ નીહાળો
સૃષ્ટી માહી સગળે જઈ ભાળો

નાના મોટા જીવ જંતુમાં પણ એવી નથી ખોડ
રાખો પણ એવી નથી ખોડ–સરજનહારે
પતિ ભજ્યે પાતક સહુ ટળતાં
અખંડ સુખડાં સ્હેજે મળતાં
પતિવિના સાહેલી ભવમાં હરાય જીતી હોડ–સરજનહારે

(મહાશ્વેતા કાદમ્બરી)

(૧૦૨)

પિતાજી આ કોપ, તમે સો કર્યો,
જોગી વેસ બાપુ, શીદને ધર્યો;
મરી ગઈછે માત વળી જાઓ તાત,
પિતા ઓથ કોની છે, ઓરમાન માત;
દયા કાંઈ લાવો, આ છોરૂ પરે,
કૃપા પાત્ર હુંછુ, તમારૂ ખરે,
લડાવશે લાડ, પછી મુને કોણ,
પ્યારી પુત્રી આવો બા કહેશેજ કોણ;
કુંવારી છું હું તો તમારી સુતા,
વરાવી નથી કીધાં, ભગવાં પીતા
અરે મારે સંસારમાં, નથી સાર,
પિતા જીવું તમારો, સંભાળી પ્યાર;

[ભર્તૃહરી]

(૧૦૩)

આમ મને શીદ પાપી સતાવે!
દિલમાહીં લેશ દયા કેમ નાવે! આમ!
બાળકને નિજ સ્વાધીન લઈને ભય દેખાડી મને શું રીબાવે દિલ
તજ ક્રૂરતા તજ નીચપણું તું પ્રભુ તુજ મન કરૂણા ઉપજાવે દિલ.

(કનક તારા)

(૧૦૪) દીંડી.

શુંણુ દાસી આજે કરતું સૌ તૈયારી,
પ્રાણ પતિ તણી, જન્મ તિથી પ્યારી;
શીવ પુજન માટે રાખજે શુદ્ધ વારી. શુંણુ.
ગવરી પુંજન મારે કરવું પુરણ ભાવે,
પ્રાણપતિને એતો સદ્ય અહી મેળાવે,
નોકરી મુદત્ત એની અંબાજી મટાવે. શુંણુ.

[ચાપરાજ]

(૧૦૫)

પ્રિતમ જા ન છોડી તું નિરાધાર આમ;
દયા દે ન છોડી પિયુ દિલથી તમામ. પ્રિ૦
તું છો પ્રિતમ પ્રાણ તું છો આધાર,
તજીશ જો જશે પ્રાણ ઉડી આવાર. પ્રિ૦
ભુલી છું હું પણ એ નથી મોટી ભૂલ,
નમી માગું માફી પિયું કર કબુલ. પ્રિ૦

[કુન્દબાલા]

[૧૦૬]

મને સ્હાય કરશે મોરારીરે,
વ્હારે ચઢશે ગોવરધન ધારી,
અહલ્યા ઉગારી મીરાંબાઈ તારી,
એની ચીન્તા કરીશ નહીં મારી—મને૦
માંજારી બચ્ચાંને બળતાં ઉગારી,
મોક્ષ કીધો ગજેન્દ્રને તારી,
દ્રાપદીનાં ચીર પુર્યાં થાશે તે સ્હાયકારી—મને૦

[વિક્રમ ચરિત્ર]

[૧૦૭]

અમ સખી તણા સ્નેહને સંભારજો રાજ
બોલ્યું વચન પ્રીતે પાળજો
આજ્ઞા પિતાની પાળી વ્હેલા પધારજો
દર્શ લાભ દઈ અમ નયનોને ઠારજો
તન મનના તાપ તમે ટાળજો રાજ—બોલ્યું૦

(મહાશ્વેતા કાદમ્બરી)

[૧૦૮]

પ્રમદા છે પ્રીતિ ભાજન, મન રંજન ભીડ ભંજન
જુક્તિથી કરીએ જતન, જોઈએ નિત્ય ચઢતો દન
કોઈ ગાય દુઝણી લાવે, ચારો નહિં દુષ્ટ ચરાવે,
પાણી પણ નહિ પીવરાવે, ખાતાં પીતાં અકળાવે
ફળ કો તે કેવાં પામે મુરખ જન
દળદર દેખે ને થાયે નર નિરધન—પ્રમદા૦
પાળ્યું પંખી ઉછરંગે, દીન ચાર રમાડયું રંગે
પાલક પલટયો કુસંગે, નાંખ્યું પંખી ખોરંબે
કો દુઃખીઆરા પંખીના કેવા દન !
પાલકને કે એ પંખીને ધન્ય ધન્ય—
ચિન્તામણિ રત્ન છે રમણી, વળી પારસમણી મનહરણી
કોમળને કાંચન વરણી, ધીર ગંભીર વચન રસ ધરણી
સંતાપે એ પ્રમદા જે પામર જન
રૂઠયો ભગવત ને ઉઠયો તેનો દન—પ્રમદા

[ઉદયભાણ]

[૧૦૯]

દાસ પરે દયા લાવોરે,
દયાળુ દેવા દાસ પરે દયા લાવો. ટેક.
સંસારી સંબંધ તોડી જીવ આપ ચરણે જોડી,

હું તો બની બેઠો આવો આવોરે—દયાળુ,
આંખો વિના સંકટ આવું, ખાડામાં ગોથા ખાઉં,
વારે અવિનાશી આવો આવોરે—દયાળુ.

(સૂરદાસ).

(૧૧૦)

કચ દેવ પ્યારી કેશો, મુંને કેશો, પ્રીતમ હાથ લેશો;
આલીંગન દેશો–કચ દેવ.
ચતુરાઇ જોઈ મોહી હું મોહન, મુજ મન મંદિર બેસો–કચદેવ.
ઘેલી હું તો થઈ પ્રીતમ તારી પાછળ, અધર રસ લેશો ને દેશો—
કચ દેવ.
ઉપકારવાળો પ્રીતમ કરી, પ્રેમદા, મારા થઈ હવે રેશો–કચદેવ.

(દેવયાની.)

(૧૧૧)

જાઓ જાઓ પ્રેમ સાચો નથીરે તમારો,
નથીરે તમારો પ્રેમ નથીરે તમારો. જાઓ.
ઉપરથી પ્રીતિ કપટ અંદથી, નથી પાટવી તન પ્યારો, જાઓ.
ખોટુંજ બોલવું ચાલવું ખોટું, ખપકયાં છે તમને અમારો. જાઓ.

[જગ દેવ]

[૧૧૨]

અબ ચલે (૨) ન મોહન તેરા, લે ચલું ગુરૂ મે મરા;
કયું કરે અનાદર મેરા, મેં એહી નાથકા ચેરા.
મત બોલે મુંસે જ્યાદે, તુ તન અપના સમજાદે,
ત્રિયા ફરજા સમજ દિલપા, બિચમત આ, ગુરૂ દિલ ફેરા
લેચલું.
સમશાન ભૂમિ અબજાતા, કલ આઉં પીછા સુન વાતા;
કહે મુંહા, ચલે નહીં ના, અબી ગમખા, ચલા જહાં ડેરા;
લે ચલું.

ત્રિયા રાજ

(૧૧૩)

સુણો દીલ્લી તખ્ત ધરનાર, ક્ષત્રી કલંક કેમ લેશેરે. ટેક.
મારે ઘરે છે પતિવૃતા નાર— ક્ષત્રિ.
દિસે શુર રહિત સભા જન— ક્ષત્રી
નથી જોતો હું માઈ કેરો તન-- ક્ષત્રી.
હજુ કરણ અને ભીમસેન-- ક્ષત્રી.
હજુ અરજુન ક્રશ્નને વેન— ક્ષત્રી.
હજુ પ્રથુરાજ ચહુઆણ— ક્ષત્રી.
તેની સજીવન જાણો કમાન— ક્ષત્રી.
હજુ અવધ રઘુપતી બાણ— ક્ષત્રી.
હજુ સહસ્રાર્જુન નીરવાણ— ક્ષત્રી.
મારે ઘેરછે સુધ્ધ સતિનાર-- ક્ષત્રી
જતાં પ્રાણ લગી હુશિયાર-- ક્ષત્રી.
હજુ ક્ષત્રી લોહી વપુમાંય— ક્ષત્રી.
નસો નસ ઉછેળેછે કાય— ક્ષત્રી.

આપરાજ

(૧૧૪)

પીયા દીનદાર પરે બડા, ઐસા જુલ્મ કયું પલમે કર દીયા, ટેક.
જો બદનકે રક્ષન લાખથે, વોબદન પરી અબ ખાખહે;
ઈસ ચસ્મશેં મેં કેસે દેખું, ચસ્મ અપને તો ફુટા દીયા, પી.
એ કફની ધારણ દેખકે, મુઝે જલ્તા આતસ દીલમેં,
બેહાલ હોતી હું દેખકે, તુંમને ભેખ ધારન કયું કીયા. પી.

[ભર્તૃહરી]

(૧૧૫)

અલી જોજે મનાતી ભોલી મેના
ભોળવશે તુજને પોપટજી મુખે મીઠું બોલી
અલી જોજે દીતી તું અંતર ખોલીરે........ભોળવશે.

(૪૫)

પ્રેમે પોપટ દાઝ દીલની દીલમાંહી શમાવશે,
રૂતુ વસંતે માનનીને મદનરાજ મનાવશે,
રસરાજની રસરેલ જ્યાં રગ રગ મહીં વ્યાપી જશે,
જખમારી મેના માનશે પણ ખોઈ પાયે લાગશે,

(મહાશ્વેતા કાદમ્બરી)

(૧૧૬)

નજર કરો નાથ જરા ઓળખી લ્યો નારી,
છું હું તે બીજીય કંથ, આપનીજ પ્યારી ?—નજર૦
હેમ પ્યાલો હાથમાં ને માંહી મીઠું દુધ,
પીધું શામા પાસથી, શું તેની ભુલ્યા શુદ્ધ.
કોણ હતી કંથ એ તે દુધની પાનારી ?—નજર૦
મુંવા કીધાં જીવતાં પરચો બતાવ્યો પૂર,
યાદ છે કે રાયજી, એ જોગણીનું નૂર.
છાનો મંત્ર શીખાવ્યો છે, એજ આ ઠગારી ?—નજર૦
વિના વાંકે દંડીયાંમાં કેદ મુજને કીધી
ચતુર સસરાજી સખત ચોકી તમોએ દીધી
કરી બતાવી મેં સાબીત શરત સર્વ મારી—નજર૦

| વિક્રમ ચરિત્ર |

(૧૧૭)

નાના પ્રીતમ નહીં હું તો પ્રીત છોડું રે,
પ્રીત છોડું ના હું મારી રીત છોડું રે—ના૦
છો રીબાતી, બહુ દુઃખી થાતી,
નહિ કદી બીજા સંગે નેહ જોડું રે—ના
મન મંદિરમાં મનહર સુંદરમાં,
વસેલી છબીને કેમ તર છોડું રે—ના૦

(કુન્દબાલા)

(૧૧૮)

લે પાપી હવે જીવ મારો રાજી થઈ

છું હું તૈયાર વાર હવે તું કર નહીં
સાબાશ છે તને હવે તું સમજી ગઈ
માતાજી થાશે રાજી ભોગ તારો લઈ
જુઠું સાવ
ચૂપ ચૂપ
ધ્યાને લાવ
ચૂપ ચૂપ
થનારો છે નઠારો બનાવ
ચૂપ ચૂપ ચૂપ
આપું ભોગ
શીત શીત
લેવા જોગ
શીત શીત
લેજો માજી છે નહીં અયોગ્ય
શીત શીત શીત

(કનક તારા)

(૧૧૯)

પ્રેમ બીજ રોપ્યું હૃદયે
જીવન આધાર મારા
પ્યારા પત્ર તારો ભાળી
ફુટયાં નવ પલ્લવ ડાળી
ખીલી પુષ્પે તો હદવાળી [૨] જીવન આધાર મારા—
મદન પડીને પુંઠે
મીઠાં પ્રેમ પુષ્પો ચુંટે
મ્હારી ફુલવાડી લુટે (૨) જીવન આધાર મારા—

(મહાશ્વેતા કાદમ્બરી.)

(૧૨૦)

કરૂં પ્રીતથી આટલાને પ્રણામ,
રટું મુખથી તેહનાં નિત્ય નામ; રટું

જનુની અને તાતને, પહેલું વંદન,
બીજા બુધ્ધિ દાતા, ગુરૂને પ્રણામ; રટું.
ઉગારે સદા શિર સમશેર નામુ,
સદા સાથી રૈવંતને છે સલામ; રટું.
નમું વિશ્વના નાથને નિત્ય નેમે,
ઠરવા તણું અંતરમાં જેહ ઠામ; રટું.
બહુ પ્રીતે બારોટજીને નમુ હું
ગજાવે સદા કિર્તિ, અલ્પ ઈનામ

(જગદેવ)

(૧૨૧)

પ્રાણનાથ મિત્ર માટે તો, આપો છો તમે પ્રાણ;
એથીરે સુકૃત શું બીજુ, આ વિશ્વમાં પ્રણામ. પ્રાણ.
ધન્ય ધન્ય દીન આજનો, મીત્રના બચશે પ્રાણ;
તેથીરે હર્ષ છે મુને, મિત્ર તણા સુજાણ. પ્રાણ.
થાઉં સતિ તમ પાછળે, બળું તમારી સંગાથ;
પણ પાદશાહ રોકશે મુને, નહિ લેવાય એ વાત પ્રાણ.
ત્યારે ઝુરીને મર્યા વિના, બીજો નથી ઇલાજ,
થોડા રોજમાં આવી મળું, જાણશે સૌસમાજ. પ્રાણ.

(અશ્રુમતી)

(૧૨૨)

જપતી પ્રીતમની જપમાળ જુવતી જો અલબેલી
જોબન રસ રંગે જોની આ બની ઘેલી
વ્યાકુળ વૃક્ષના વિણ વ્હાલી વેલી —
તન મનમાં વ્યાપી રહયો જોબન વસંત જંગ
રસ ભોગી રસીઆ વીના રમશો કયાં રસરંગ!
જાણ્યું ન જડીઓ કોઈ રસીઓ રંગીલો—
ચપ ચપ કરતી લેતી જા તું ચળેલી—વ્યા૦—
પેટ દુખે શીર કુટતા સંકટ આ ન સમાય
બળતાને બાળી સખી હૈડે શું હરખાય.
આહા ? અકળાએ શાને છેલ છબીલી—વ્યા૦

[૧૨૩]

કોને કહીયે કજોડાની કહાણીરે,
જેમ બળદ પીલાયે ઘાણીરે—કોને૦
લોક વગોવેને સાસુ સંતાપે,
વળી પીયુજી છે પામણુ પ્રાણીરે—કોને૦
હું જોબન રસ ઝુલતી, પણ જોડીની ખોડ
પીયુડો રમે લખોટીએ કરતો દોડાદોડ
જગદીશ! હવે ગભરાણીરે સ્હાય કરજો શ્રી સારંગપાણીરે.

(સરદારબા)

(૧૨૪)

રાજાજી જંગલમાં, ભલે તમે જાઓ,
પ્રથમ મુજને મારીને, સુખીઆરે થાઓ,
લીધો જોગી વેશ, સકોમલ દેહ,
એકાએક અમને, શાને દીઓ છેહ,
શું છે અપરાધ અમારો કહો,
વિનારે સબબ, પ્યારા દીલને દહો,
ગલે નાંખુ હાથ, જોગી પ્રાણનાથ,
અમો છું પતિવૃતા, તમારી સંગાથ,
નહીં બેસી રહીશું, ચાલીશું સંગ,
જીવતર અમારૂં, શાને કરો છો ભંગ.

[ભર્તહરી]

[૧૨૫]

અજબ બહાર બની [૨]
બ્હેની વિશાળ વિશ્વવાટિકા તણી
રચી રચના અદ્દભુત મુખે જાય ના ભણી—અજબ૦
પચરંગી ફુલડાં ઘણાં ખીલી રહ્યાં ચોપાસ
કાંઈક નવલ રંગે ભર્યાં....કંઈક ભર્યાં સુવાસ

રૂપ કંઈકિનું નિહાળી જાય નયણાં ઠરી
ગુણ કંઈકિના લોભાવી લે છે હઈડાં હરી
ગુણવંતી ગુણ સુગંધિને વળી જો જો રૂપ રંગ
પરખ્યા વિણ નવ પાડીએ પુષ્પની સંગ પ્રસંગ

(મહાશ્વેતા કાદમ્બરી)

[૧૨૬]

નેણમાં નીંદરા ન આવે જરી,
મારો રામ ગયા વનવાસરે—નેણમાં
હંસ વિના મારાં સરોવર સુનાં રે,
વાઘ વિનાની વન વાટરે—નેણમાં
પંખી વિનાનાં મારાં પીંજર સુનાં રે,
મંદીરયાં સુનાં સીતા રામરે—નેણમાં

(વિક્રમ ચરિત્ર)

[૧૨૭]

યૌવન ખીલ્યું આવ્યા છીં રસપાન કરો ભલેને ચુંબન કરો;
આલીંગન પ્રેમથી ભરો, કામ પીડા હરો. યૌવન૦
રસીલા રસમાં ઝીલો ને તક ફરી ન મળે,
તરૂણ પ્યારા જોગી શું વાર ખોટી કરે,
અમને ઉર ધરો કહીએ બોલ ખરો. યૌવન૦
વેણી ગુંથી તમ માટે ભર્યાં મોતી અમે,
ભૂષણ સરવે અંગે છે ભેટ લીઓ તમે.
કોમલ કરને ધરો, સ્નેહ દિલ ભરો, યૌવન૦
અધરામૃતને પીવાને ચતુર ઉઠો હવે,
રૂપાળા જોગી ભોગોને અમને આરે ભવે,
ઉમેદ પૂરી કરો મહેલ પાય ધરો. યૌવન૦

[ત્રિયારાજ]

[૧૨૮]

કંઇ ચેટક લગાડી રસીલી,
કર્યો ઘેલો મને તેં છબીલી—કંઈ૦
કાળજડું કોરી તેં ચિતડું ચોરી,
કેદી બનાવ્યો રંગીલી ? કર્યો૦
દાદ ન લે તું દવાએ ન દે તું,
ટળવાવે કાં તું હઠીલી ? કર્યો૦

[કુન્દબાલા]

[૧૨૯]

કામ છે દુષ્ટ વિકારી, અહા પ્રભૂ કામ છે દુષ્ટ વિકારી;
ઈંદ્ર સમાન પતિ અતિ સુંદર, અશ્વપાલથી છે યારી. આહા.
ત્રણુશો ત્યાગી એકજને ચાહે, તેના ચિત્તમાં છે જારછી નારી. આ.
ધીક બાઈ તુજને ધીક તારી બુદ્ધિ વિપરીત વાત વિચારી. આ.

[ભર્તહરી.]

[૧૩૦]

શું નટવર વસંત થેઈ થેઈ નાચી રહ્યો
નાચી રહ્યો જગ નચાવી રહ્યો—શું૦
કોયલ મધુર મુરલી બની છેડે નટવર કાન
વિરહ ઘેલી ગોપી ગણું તજી નિકળી અભિમાન
રસિઆ વિનાની બની બાળાઓ બ્હાવરી
વેણું વસંત ચિત્ત વિંધી ગયો—શું૦
શીતળ સુખકર પવનની લ્હેર ઘુમે ચોપાસ
જાણું રાધા કૃષ્ણજી રાસ રમે છે ખાસ
વિધ વિધ પંખીના વેણુ ઘુઘરી ઘમકેરે
મહિં મહિં મેનાના નાદ ઝાંઝર ઝમકેરે
નવ પલ્લવ વાઘો ધરી પચરંગી શીર પાઘ
ફાગ લાગ સખી રમે મદનરાજ મહાભાગ્ય

લ્હેરી લાલાથી રમે લલનાઓ લાડમાં
પ્રિતિ ગુલાલ લાલ છાઈ ગયો—

(અશ્રુમતિ.)

[૧૩૧]

અમે જઈશું અમે જઈશું હવે અમે જઈશું રાજ
રસભીના તમે આવજો.......અમે.
આવી મંજરીઓ નિત્ય લાવજો
પ્રેમે પરિમલ પ્રસરાવજો....અમે.
મુનિવર અમશું પ્રસંગ પાડી દર્શણુ દેજો હાડી હાડી
અમ સરખુ કંઈ કાજ જરૂર તમે કહાવજો તમે આવજો ...અમે.

(મહાશ્વેતા કાદમ્બરી)

[૧૩૨]

મેરે ગુલશનકા અગર કોઈ સમર કામ આયે,
ઈસ્સે કયા બઢકે હય, બ્હો આપકે ગર કામ આયે–મેરે.
આજ હય; કલ નહીં, ય્હે દૌલતે દુનિયા કયા હય ?
અહી બિહતર હય કે સબકે મેરા જર કામ અયે–મેરે.
ખાલ ઔર મામલી કામ આતે હયેં હયવાનોં કે,
હયફ ? ઈન્સાન ન ઈન્સાફ કે ગર કામ આયે ?–મેરે.
પાવ ખિદમતસે કભી આપકિ હટને નહીં,
કાટલો શૌકસે, મેરા જો ય્હે સર કામ આયે ?–મેરે.

(હરિશ્ચંદ્ર)

[૧૩૩]

ઓ મધુર નાર કર કંઈ વિચાર
જરિ સમજી સાર અંતર ઉતાર
ઓ જીવનહાર મુજ વિનંતિ સમજ. ઓ૦
નહી છુંટીશ ધાર મનમાં લગાર,

(૫૨)

હદ થકી અપાર તું થઈ શજ ખુવાર,
હે મધુરી પ્યાર જરા સમજ સમજ. ઓ૦

(કનક-તારા.)

(૧૩૪)

પીલે શરાબ મજેદાર મેરે યાર—પીલે૦
જાહીર દીલકો જોશમેં લાવે,
રંજો હટાવે હજાર મેરે યાર—પીલે૦
દર્દ તમામકો ગર્દ કરત હે,
શરદમેં બહોત બહાર મેરે યાર—પીલે૦

[સૌભાગ્ય સુંદરી]

(૧૩૫)

બાઈ તુંને અમે નહીં કહીએ, તેં રજા ભલે આપી,
અમે કર્યું વાજબી કામ, તેમાં રીસ તુંને વ્યાપી.
તું ઉછરતી વયમાં આમ, તું થઈશ ઘણી હેરાન,
તેં વગર સમજ અમ બન્નેનું, કીધું મોટું અપમાન.
અમે સહન કરીને રહીએ, તે કલમ ભલે કાપી. અમે.
તુજ પિતાનું નિમક ખાધું, પેઢીદર પેઢી દાસ,
નહીં દુભવીએ કુંવરી અમે, વચનો બોલ્યા તે પાસ.
તે બોલ પાળવા જઈએ, તેં રજા ભલે આપી. અમે.

[ત્રિયારાજ]

(૧૩૬)

અરે સખી ધીમે ધીમે ડગ
ઉતાવળ આવડી આ શી (૨)
પ્રીય મુજ દર્શણુ પ્યાસી
અરે સખી..................................
અંતર મારૂં મારે છે ઉછાળા (૨)

ન્હોય ઉછાળા યૌવન કેરા ચાળા (૨)
મંજરી વાળા વાલ લાજાળા
પ્રીતમ તારા નહીં જાય નાસી........અરે.

મહાશ્વેતા કાદમ્બરી

(૧૩૭)

ખુશ રહો જોડી તુમારી તુમારી તુમારી જોડી
અમન ચમન દો પરવર તુમકો મ્હેર હો સુક્ર ખુદા
ગુલ ખીલ હરદમ કટાય ગમ સબ કાયમ કીરતી સદા
ચમન ચમન ચમન સદા જોડી.
મુરાદ હાંસીલ ખાનપાન ગુલતાન શાન કાબીલ.
દુહાઈ સબ દરબારીયો દે ફતેહ ફતેહ કારી.—ખુશ.

[પવિત્ર લક્ષ્મિ]

(૧૩૮)

જાવોજી જાવ અરે દાન કે દિલવાને વાલે!
દાની કહલાને વાલે કહકર ફિરજાને વાલે,
ઉલટા સમજાને વાલે ધોકોમે લાને વાલે,
દેનેકે નામસે દો બાતમે દરજાને વાલે?—જાવોજી.
દાના કહલાકે ફિર નાદાનસે નાદાની કયસી!
જાચક કો જાંચકે, દેનેમે આનાકાની કયસી!
દુનિઆમેં અયસે દાની અયને તુમ જયસે દાની;
તુમહો ફિર કયસે દાની, કમહોગે અયસે દાની,
જાવો! જાવો; બયઠો! બયઠો!
અયસે કયા હો મુહતાજોકો દિલવાને ખીલવાને વાલે. જાવેજી

હરિશ્ચંદ્ર

[૧૩૯]

વાલા વેગે આવોરે દયા દિલે લાવોરે ભીડું મારી ભાંગવા હોજી
નહીં આવોતો છાનાં ઉઘાડું બધાં છીદ્ર............વાલા.

આહેરડામાં ઉછર્યા ગોવાળીઆમાં વાસ
કાંધે કાળી કામળી માગી પીતા છાસ,
માતા કેહે સુકીયાં, પુરો મારી આશ
હું રાખુ તમથી દાવોરે....ભીડું.
બે માના બે બાપના નકટા નિર્લજ બાળ
મહી માંખણુના ચોરટા કંસ તણા હે કાળ,
સોડ તજો રાધા તણી હરિજન આપે આળ
ધિરા વેગે ધાઓરે....ભીડું.

[નરસિંહ મેહેતા]

[૧૪૦]

નહીં ચીજ કોઈ ગળી ગરજ સમ નહીં ચીજ કોઈ ગળી
માનવંત નીજ માન મુકી દુશ્મનને પડતાં ઢળી–ગરજ.
બળીયા પણ નિર્બળને નમતા રાય રંક ઘર જાય,
સોંઘુ પણ મોંઘુ થઇ બેસે, કળી શકાય ન કળી–ગરજ.
સમયાધિન થઈ ઝેર હળાહળ પીવું અમૃત ગણી,
જઈ મહાસતીને શીશ નમાવો–જાય આપદા ટળી–ગરજ.

(અનુસયા)

[૧૪૧]

વિષય વાત મમ માત તજીને કૃષ્ણ ભજન તું કરવા દે
ધર્મ વૃત્તિએ ધરણીધરનું ધ્યાન ધૃત્તિથી ધરવા દે
અધમપણાને અલગ રાખી ભંડાર ભક્તિના ભરવા દે
નટવર નામનું નાવ મળ્યું છે તો ભવસાગર તરવા દે
નાશવંત નર નામ છોડીને અક્ષય વરને વરવા દે–વિષય.

(સૂરદાસ.)

(૧૪૨)

નાનકડી નાજુકનાર
હું બહુ નાનકડી–બહુ નાનકડી–બહુ નાનકડી
મારા લાલાની હું લાડકડી (૨) હું લાલકડી (૩)

આંખ તણે મટકે પટકું છું લાલને
નાની શું સમજે વ્હાલાના વ્હાલને
હું તો બધુંએ સમજુ છું
જાણી ભોળો ભરથાર તું–બહુ માથે ચઢી (૩)
નાનકડી૦

[માલતી માધવ]

[૧૪૩]

મૂરખડા મનવા સાને કરે છે મારૂં મારૂં
ભટકે શું ભૂંડા ભવમાં ભુલીને ભાન તારૂં
મેહેલ જરૂખા માળીયા ને હીંડોળા ખાટ
થાસે અળગા અંગથીને જાવું વસમી વાટરે. મૂરખડા
આ કાયા છે અલ્પવાર આવી બનસે અવધૂત
ક્ષણ એક એવી આવશે ઉડશે આ દેહની ભભુતરે. મૂરખડા

(મદન ચંદ્રિકા)

(૧૪૪)

જાશો ક્યાં દઈ વચન, નહીં કરવા દઉં ગમન,
ધીરે ધીરે ખસવું નથી ઘટતું, પ્રાણધન પ્રાણધન.
વરસાવી પ્રેમ ઘન, તરસાવો કાં નયન,
શું હસી વસી ખસી, જાવા થાંય મન થાય મન–જાશો.
મારીને સર મદન, રસ રેડી પ્રિય વદન,
ક્યાં તજી જાશો! કરો પ્યારા, શાંત તન શાંત તન જાશો.

[દિવ્યાની]

[૧૪૫]

ગાજે ગગન ઘરરર ગગન ઘરરર
ઝબકે વીજળીઓ ઝરરર
વરસે વરસાદ ઝરમર વરસાદ ઝરમર
વિયોગીનાં ચિત ચરરર

બીનીબાળા હોય અરરરર
સ્વામી સોડે પેસે સરરરર.—ગાજે૦

હરીયાળી ભૂમિ ભલી હરીયાળાં વળી વન્ન
હરીયાળુ' સંજોગમાં
અરે વિરહે ઉઠે અગન્નરે સજની
મદન પીડા કયાં કહીયે.
બાળા રહીયેરે મનમાં મુઝાઈરે સજની—
નદીઓ ખરરરર નાસતી, સાગર સ્વામી પાસ
મોર મયુરીને મળે—ચટપટ લાગેરે
આવે સમે ભોગી ભેટવારે
માતાજી મ્હેર જો કરે કુમારી કોડે કરગરે
મચ્યો મદન મહાવીર
મદન મહાવીર થઈએ માતજી અમે થરરરર
થઈએ થરરરર અરે અરરરર.—ગાજે૦

[સરદારબા]

(૧૪૬)

થઈ પ્રેમ વશ પાતળીયા (૨)
મારા મનના માલીક મળીઆરે........થઈ.

પ્રીતે કરો મુખવાસ સજનવા રાજ હૃદયના વાસી
પ્રેમદા પ્રીત જ્યોત પ્રકાશી [૨]
મારા મનના મનોરથ ફળીઆરે........થઈ.

ભાગ્યવંત કર્યો ભગવતિ મુજને
જીવન સફળ થયુ' મારૂં
કરો શ્રી હરિ શુભ તમારૂં
મારા મનનાં માલીક મળીઆરે........થઈ.

(મહાશ્વેતા કાદમ્બરી)

(૧૪૭)

કાનુડો ન જાણે મારી પ્રીત બાઈ અમે બાળ કુંવારારે—કા.
જળરે જમુનાનાં હુંતો ભરવાને ગઈતીરે,
કાનુડે ઉડાડયાં આછાં નીર ઉંડયા—ફરરરરરરરે. કાનુડો૦
જમુનાને કાંઠે વાલે રાસ રચ્યો છે,
સોળસે ગોપીના ઝાલ્યાં ચીર ફાટયાં—ચરરરરરરે. કાનુડો૦
હુંતો વરણાગી કાના તમારારે નામનીરે,
કાનુંડે તાણીને માર્યાં તીર વાગ્યા—અરરરરરરરે. કાનુડો૦
બાઈ મીરાં કહે પ્રભુ ગીરધરના ગુણ વહાલા,
કાનુડે બાળીને કીધાં ખાખ ઉડી—ફરરરરરરરે. કાનુડો૦

[૧૪૮]

સાચા કયાંઈ ન પાછા પડશે
જુઠા જન—જખ મારશે (૩) સાચા૦
જુઠાણું જુઠાને નડશે
અંનતે જુઠો હારશે— જખ૦
વિપરીત ચાલ જગતમાં ચાલે
પાપી અધર્મી સુખમાં મ્હાલે
ધર્મીને પ્હેલું દુઃખ સાલે
પણ પુઠળ—એ તારશે (૩) સાચા૦
સોનાને અધળા કોઈ તાવે
કરી કસોટી ખૂબ તપાવે
દુર્જન વિણુ કીંમત સજ્જનની જગમાં કોણ વધારશે જ.

[માલની માધવ]

(૧૪૯)

અરે હું મસ્તાન પ્રેમની, મને કોઇ ન છેડોરે કોઈ
લાચાર હું બિચારી છું, શીદ લ્યો છો કેડોરે
જુવાનીથી દીવાની છું, મારો છેડો છેડોરે—છેલા.

(૫૯)

પ્રાણુ દાન છે પ્રીતમાં, પુછી કરજો પ્રીત
પ્રાણુ દાન તો સ્હેલ છે, કઠણુ પ્રીતની રીત
આધાર તું કિરતાર મારો પાર એડારે

(મોહિની-ચંદ્ર)

[૧૫૦]

શું રસિક રસિલા રિસાઈ જાઓ, ચોરી મ્હારૂં ચિત્ત,
પ્રિય શરમ ધરમના મરમ તજી, ઉચરો ન વચન અનુચિત
સ્નેહ સુતરને તંત્રે બાંધી, તોડો નહિ પીયું અમુલખ પ્રીત
તોડી મેં નથી તમેજ ટાળી, પ્રીત તણી એ રીત
કસ્તુરી કાળી પણ ગુણવાન
વૃથા એ ગુમાન—કરે નાદાન ?
તન જુદા પણ મન નથી જુદાં કોઈ ગરમ કોઈ શીત

[નીલમ માણેક]

(૧૫૧)

કોઈ દુધ લ્યો દિલરંગી,
શોખીલા શાણા ઉમંગી—હો કોઈ૦
કેફી પીયે કસુંબલો, ગાંજો પીયે અબુધ,
દારૂ દીવાના પીયે, દાના પીયે દુધ—હાં કોઈ૦
એક અમીરસ દેવનો બીજો રસ છે પ્રેમ,
ત્રીજો રસ ગોરસ ભલો, પીધે કાયા હેમ—હાં કોઈ૦
ગોરી ગવરી ગાયનાં, ગોરાં મારાં દુધ,
હું પણ ગોરી ગોરડી, ગોરૂં દીલ છે શુદ્ધ—હાં કોઈ૦
હેમ કટોરો હાથમાં, માંહીં અમૃત સાર,
ચતુર હોય તે ચિંતવે, ગુણ સમજે ન ગમાર—હાં કોઈ૦

[વિક્રમ ચરિત્ર]

(૧૫૨)

ઝીણા ઝરમર વરશે મેહ ભીંજે મારી ચુંદડલી
એવા નંદ કુંવર શું નેહ ભીંજે મારી ચુંદડલી

ઉંચા આવાસ એ અલબેલાના નીચે અમારી મેડીરે
સુતી હતી હું મારા ભુવનમાં સાન કરી મુને તેડી–
ડગ ડગ દાદુર મગ મગ મોરલા ચાતક થયા નમેરીરે
વીજળીના વેગના ભયને ત્યાગી આવી ઉભી આ શેરી–ભી.

[જગતસિંહ]

(૧૫૩)

મુખડાની માયા લાગીરે, મોહન તારા;
મુખડું મેં જોયું તારૂં, સરવે જગડું થયું ખારૂં.
મન મારૂં રહયું ન્યારૂંરે–પ્રીતમ પ્યારા.
સંસારીનું સુખ કાચું, પરણી ને રંડાવું પાછું;
તેને ઘેર શીદ જાચુંરે–પ્રીતમ પ્યારા.
પરણું તો પ્રીતમ પ્યારો, અખંડ સૌભાગ્ય મારો;
રંડાપાનો ભે ટાળ્યોરે–પ્રીતમ પ્યારા.
પરણીને કયાં ગયા નાસી, દરશન દયોને અવીનાશી;
પ્યાસી છું હું નિજ દાસીરે–પ્રીતમ પ્યારા.
મીરાંબાઇ બલીહારી, આશા મને એક તારી;
શરણે લ્યોને ગીરધારીરે–પ્રીતમ પ્યારા.

[૧૫૪]

મીરાંને પૂરવ જનમની છે પ્રિતરે મીરાંને હૈડે લખાણું,
હરિનાં હેતરે નામ નહીંરે છોડે હોજી.
રાણાજીએ આપ્યો ભુતડાં ભેળો વાસ,
ભુત પ્રેત ભાગી ગયાં રે મીરાંનો ઇંદિર ભુવનસ્યો અવાસરે–નામ.
વિખના પ્યાલા મોકલ્યા દેજો મીરાંને હાથ,
અમૃત કરી આરોગીયારે મીરાંને રાખણ હારો રૂગનાથરે–નામ.
રાણે વસિયલ મોકલ્યો દેજો મીરાંને જઈ,
પૂજી મીરાંએ પ્રેમથીરે મુરતી શાળીગરામની એ થઇરે–નામ.

રાણે રજા આપી પછી કાઢી ગણીને કાસ,
મીરાં ચાલ્યાં મ્હાલતારે બાઇને ભાવ્યો છે વૃજનો સુવાસરે-ના.
પાછળથી પસ્તાઈને રાણો, કહે કોઈ જાઓ;
વેગે કહેજો વીનવીરે મીરાંબાઈ, એકવાર ચિતોડગઢમાં આવોરે ના.

(૧૫૫)

ભગ્ત ભય હારી વૈકુંઠના વીહારી વ્હાલા
નામપર વારી શ્રી ગીરધારીલાલા—ભગ્ત
વીશ્વનાટકના જીવ નટોને સ્વેચ્છાથી સવ નચાવે
સુત્રધાર એવા પ્રભુ પોતે નૌતમ ખેલ રચાવે વ્હાલા-ભગ્ત
સીદ્ધ મુનીશ્વર ધ્યાન ધરે વળી
શેષ શારદ ગુણ ગાયે એવા પ્રભુને નિશદીન ભજતા
જન્મ મરણ ટળી જાયે વ્હાલા-ભગ્ત.

[ગતી તારલ]

સમાપ્ત

ચોપડી મળવાના ઠેકાણાં.

મંગળદાસ હરકીશનદાસ

બુકસેલર એન્ડ પબ્લીશર

ઠે. ભાગાતળાવ સુરત.

મનુભાઈ ઘેલાભાઈ

ઠે. શ્રી "રાંદેર" પ્રિન્ટીંગ પ્રેસ

ભાગાતળાવ રોડ સુરત.

ઇશ્વરલાલ લાલશંકર

ઠે. નાગર વાણીયાના માળામાં જીવણજી મહારાજની

વાડીમાં ઘર નં. ૪૧. બહારકોટ ભુલેશ્વર---મુંબઈ.